વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું
શ્રી લક્ષ્મીનારાયણદેવની સંસ્થાનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૮, અંક : ૩ માર્ચ - ૨૦૧૭



**ધોલેરાધામમાં આવેલ પ્રસાદીની બેઠક (અક્ષર ઓરડી) નો ઈતિહાસ વિશેષાંક**




**વડતાલધામ** મુકામે જૈન સંપ્રદાય દ્વારા આયોજીત જૈન મુનિશ્રી અભયદેવ સુરીશ્વરજી મહારાજ દ્વારા સુવર્ણ અક્ષરે લખી વડતાલ પિઠાધીપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજને સુવર્ણ શિક્ષાપત્રી અર્પણ સમારોહ તા.૨૦/૨/૨૦૧૭





પતરીયાપુરા (ખંભાત) મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી ગોવિંદપ્રસાદદાસજી સ્વામી - મેતપુરવાળા દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.બાલકૃષ્ણ સ્વામી-મેતપુરવાળા, પૂ.ઘનશ્યામ સ્વામી - સાળંગપુરવાળા, આ.કો.શ્રી સંત સ્વામી, વક્તાશ્રી પૂ.નારાયણચરણ સ્વામી-બુધેજ, પૂ.સૂર્યપ્રકાશ સ્વામી - મુંબઈ, પૂ.સત્યપ્રકાશ સ્વામી - મુંબઈ, પૂ.પવન સ્વામી - કલાલી તથા યજમાન પરિવાર એવં ભક્તો તા.૫ થી ૬/૨/૨૦૧૭





સંધાણા (નડીયાદ) મુકામે ૧૫ મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પ.પૂ.શા.શ્રી સરજુદાસજી સ્વામીના વક્તાપદે પંચાહ્ પારાયણ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ચેરમેનશ્રી પૂ.દેવસ્વામી, પૂ.નૌતમ સ્વામી, સંધાણા આશ્રમ વડતાલ સંસ્થાને અર્પણ કરતાં પૂ.કૃષ્ણવલ્લભ સ્વામી, પૂ.વેદાંતવલ્લભ સ્વામી, પૂ.ધર્મનંદન  સ્વામી, પૂ.બાલમુકુંદ સ્વામી તા.૬ થી ૧૦/૨/૨૦૧૭








વડોદરા હરિનગર મુકામે પ.પૂ.કો.શ્રી શ્રીરંગદાસજી સ્વામી દ્વારા આયોજીત સત્સંગ ઉત્કર્ષ મહોત્સવ - ૬ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, વક્તાશ્રી પ.પૂ.શા.શ્રી વિશ્વવલ્લભ સ્વામી - રૂસ્તમબાગ, ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.શ્યામ સ્વામી, પૂ.ઘનશ્યામ સ્વામી - ધંધુકા, પૂ.પ્રિયદર્શન સ્વામી - પીજ વિશાળ ભક્ત સમુદાય તથા નૂતન મંદિરનું નિર્માણ કાર્ય તા.૧૬ થી ૨૦/૨/૨૦૧૭





લોજ મુકામે પ.પૂ.શા.શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી દ્વારા આયોજીત સેવા શતાબ્દી મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.સ.ગુ.શ્રી ચૈતન્યદાસજી સ્વામી, વક્તાશ્રી પ.પૂ.શા.શ્રી કૃષ્ણપ્રકાશદાસજી સ્વામી(જામનગર) તથા ઉપસ્થિત સંતો - ભક્તો તા.૨૪/૨ થી ૧/૩/૨૦૧૭

શ્રી સ્વામિનારાયણ મંદિર

વડતાલ ધામ

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

**Web Site :**
**www.vadtalmandir.org**

**E-mail Addresh :**
**vadtaldhamvikas@gmail.com**

## Subscription

| | |
|---|---|
| (india) | |
| 5 Year | 250/- |
| 20 Year | 500/- |
| For Other Countries | |
| (airmail) | 6750/- |

**Year - 8**
**Volume - 3**
**March - 2017**



# Shree Vadtaldham Satsang

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ધોલેરાધામમાં આવેલ પ્રસાદીની બેઠક (અક્ષર ઓરડી)નો ઈતિહાસ | ૦૪ |
| ધોલેરામાં બેઠકનું નિર્માણ | ૦૫ |
| શ્રીવિહારિલાલજી મહારાજનું ગઢપુરથી ધોલેરા આવવું | ૦૯ |
| ધોલેરામાં આચાર્ય મહારાજશ્રીનો ધામધૂમથી પ્રવેશ | ૧૨ |
| ધોલેરા બેઠકમાં ચરણારવિંદ પ્રતિષ્ઠાનો ઉત્સવ | ૧૬ |
| કેન્સર કેન્સલ થયું સત્ય ઘટના. | ૨૦ |
| સત્સંગ સમાચાર | ૨૧ |
| વડતાલધામ મુકામે જૈન સમાજ દ્વારા સુવર્ણ શિક્ષાપત્રી અર્પણ સમારોહ તા.૨૦/૨/૨૦૧૭ | ૩૦ |
| અક્ષરવાસ | ૩૩ |
| શ્રી હરિકૃષ્ણ મહારાજ આદિ દેવોને થાળ તથા સંતોને રસોઈની યાદી - ફેબ્રુઆરી ૨૦૧૭ | ૩૪ |
| સત્સંગ વિચરણ | ૩૫ |
| ચૈત્રી સમૈયો તથા ૨૩૬ મો શ્રીહરિ પ્રાગટ્યોત્સવ વિગત | ૩૬ |
| સંપ્રદાયના આગામી કાર્યક્રમો | ૩૮ |


**રાગ : હરિ મારા હૈયાના હાર**

મદન મોહન મહારાજ, હરિવર હાથ લાગ્યા,
તમે છો મહા સુખ સાજ, ભાલ કેરા ભાગ્ય જાગ્યા.... ટેક...

ધોલેરા આવી બિરાજ્યાં, સુખડા આપ્યા ઝાઝા,
તારી કૃપા એ મેલી માઝા, જીતના વાગ્યા વાઝા.
રહ્યા છો સાથે સદાય... હરિવર

કોટિ મદન પણ લાજે, દેખીને રૂપ તમારું,
મદન મોહન એવુ નામ, હરિએ પાડ્યું તે સારું,
સર્વોપરિ મારો નાથ....હરિવર.

પગની આંટીવાળી, ઉભા છો રાધાને સંગે.
શ્યામળી મૂર્તિ રૂપાળી, ભેટીને ચુંમું ઉમંગે,
મેલું નહિં એક ઘડી.... હરિવર

જ્ઞાનજીવનના વ્હાલા, મદનમોહન મતવાલા,
દેશ વિદેશના સર્વે, સત્સંગીના તમે વ્હાલા,
કરો છો સહું નું કલ્યાણ... હરિવર


**OWNER :** Vadtal temple Managing Trustee Board, Vadtal, **PUBLISHER / PRINTER & EDITOR :** Chief Executive Kotharishree Shashtri shree Ghanshyamprakashdasji Swami Guru Kothari Shree Nandkishordasji Swami, **PUBLISHED & PRINTING** : Shree Laxminarayandev Offset Press, **AT & POST :** Vadtal, Tal, Nadiad, Dist. Kheda, Gujarat. Pin : 387375, Phone : (0268) 2589728, 776



॥ શ્રીહરિ ॥

# ધોલેરાધામમાં આવેલ પ્રસાદીની બેઠક (અક્ષર ઓરડી)નો ઈતિહાસ

લેખક : પ.પૂ.કો.શ્રી હરિચરણદાસજી સ્વામી - ધોલેરા
પ.પૂ.શ્રી બ્રહ્મપ્રકાશદાસજી સ્વામી - કુંડળધામ

શ્રી વડતાલધામમાં શ્રીહરિ રહીને વિ.સં.૧૮૮૨ વસંતપંચમીએ સંપ્રદાયના બંધારણ રૂપ શિક્ષાપત્રી લખી. વડતાલ થી શ્રીહરિ સખા-સંતો સાથે ભાલમાં કમીયાળા પધાર્યા. (શ્રી સત્સંગિજીવન ગ્રંથ પ્રકરણ-૪, અધ્યાય-૪૫ માં વર્ણન છે કે શ્રીજી મહારાજ ચૈત્ર સુદ - ૮ ના રોજ કમીયાળા પધાર્યા.) ત્યારે સિંહાવણાર, હઠીભાઈ, વાહાભાઈ, ખેમરાજ ગઢવી તથા જીજીબા આદિ બહેનોએ ભવ્ય સ્વાગત કર્યું. રામનવમીનો ભવ્ય ઉત્સવ કર્યો. અને ચૈત્ર સુદ-૧૫ સુધી કમીયાળામાં જ શ્રીહરિ સંતો-ભક્તો સાથે રહ્યા અને સભા કરી (હાલ એ જગ્યાએ શ્રી કષ્ટભંજન હનુમાનજી બિરાજે છે અને ભવ્ય મંદિરનું નિર્માણ થાય છે.)

એ ચૈત્ર સુદ ૯ (રામનવમી) નાં સમૈયામાં ધોલેરાથી સદ્.શ્રી ભાયાત્માનંદ સ્વામી, શ્રી નિષ્કુળાનંદ સ્વામી, શ્રી અદ્ભુતાનંદ સ્વામી, શ્રીધરાનંદ સ્વામી, શ્રી ત્યાગનંદ સ્વામી વગેરે સંતો પુંજાભાઈ દરબાર, અજુબા, ફુલીબા વગેરે સ્ત્રી ભક્તો શ્રીજી મહારાજનાં દર્શને સમૈયામાં ગયેલા. મહારાજે સૌને કુશળ સમાચાર પૂછ્યા, મંદિર નિર્માણનાં સમાચાર પૂછ્યા, સંતોએ કહ્યુ, 'મહારાજ મંદિરનું કામ પુરૂ થવામાં છે આપ પધારી દેવની પ્રતિષ્ઠા કરો.'

શ્રી સ્વામિનારાયણ ભગવાન ધોલેરા પધાર્યા. દેવ પ્રતિષ્ઠાનું મુર્હૂત જોવડાવ્યું. મુર્હૂત આવ્યું, વૈશાખ - સુદ - ૧૩ જેને હજી ૨૮ દિવસની વાર હતી. મહારાજે વિચાર કર્યો ભાલદેશ પાણીની તાણ અને હજારો સંતો-ભક્તો આવે તો પાણીની મુશ્કેલી થાય. અમે અત્યારે ગઢડા જઈએ. ઉત્સવ વખતે આવીશું સૌએ રોકાવા વિનંતી કરી. મહારાજે જવાની ઈચ્છા વ્યક્ત કરી, મહામુક્ત એવા અજુબા-ફુલીબાએ મહારાજને પોતાના સમ આપી રોક્યા. પુંજભા દરબારે દરબાર ગઢમાં ઉતારાની વાત કરી. મહારાજ કહે અમો તો સંતો સાથે રહીશું. પછી વાંસની રજોટવાળી ઓરડીમાં પોતે ૨૮ દિવસ રહી, કથા-કિર્તન-ઉપદેશ કર્યા. સ્નાનાદિક ક્રિયા કરી સૌને જમાડ્યા પોતે થાળ જમ્યા અને પોઢ્યા. આમ પ્રગટ ભગવાનનો યોગ થતાં સાધારણ ઓરડી "અક્ષર ઓરડી" થઈ.

સ્વયં સ્વામિનારાયણ મહાપ્રભુએ વિ.સ.૧૮૮૨ વૈશાખ-સુદ-૧૩નાં પવિત્ર દિવસે ભાલદેશમાં રાજાધિરાજ એવા શ્રી મદનમોહનજી મહારાજની સ્થાપના કરી આરતી ઉતારી, મૂર્તિ -સ્થાન-સંતનો અનેરો મહીમા બતાવી, વળતે દિવસ નૃસિંહ ચતુદર્શીનો ઉત્સવ કરી ગઢપુર પધાર્યા.

ત્યારબાદ સંતોને રહેવાની ધર્મશાળાનું નિર્માણ ચાલુ થયું, જે પૂર્ણ થતાં સંતો ધર્મશાળામાં રહેતા એ સમયે મહારાજ ધામમાં સીધાવ્યા બાદ વાવાજોડામાં મહારાજ જે રહેતા એ "અક્ષર ઓરડી" (વાંસની ઓરડી) પડી ગઈ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીને જ્યારે - જ્યારે મહારાજ યાદ આવે ત્યારે પડી ઢગલો થયેલ અક્ષર ઓરડીએ જઈ ધ્યાન કરતા.

પ્રબોધીની એકાદશીએ મહારાજ દર્શન આપી એ જગ્યાએ ભવ્ય બેઠક (અક્ષર ઓરડી) નિર્માણ કરવાનું સુચન કર્યું.

શ્રીજી મહારાજની ઈચ્છાથી એ વખતે ગાંફ ગામનાં રાજા રાયસિંહજીનાં દીવાન પ.ભ.શ્રી દેવકૃષ્ણ વ્યાસ સ્વામીનાં દર્શને આવ્યા. સ્વામીએ સર્વે હકીકત કરી. મહારાજ અને સ્વામીનું વચન તેઓએ શિરે ધારણ કર્યું અને એ જમાનામાં પાંત્રીસ હજાર રૂપિયાનાં ખર્ચે એ બેઠક (અક્ષર ઓરડી) નું તેઓએ નિર્માણ કરાવ્યું. પરંતુ સમય ઘણો વ્યત્તિત થતાં તત્કાલીન આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજનાં હસ્તે ચરણારવિંદ પધરાવી મહાઉત્સવ કર્યો, જેનું વર્ણન "શ્રી ઉન્મત ગંગા મહાત્મ્ય" માં લખેલ છે.

હાલ ચરણારવિંદ પ્રતિષ્ઠાને ૧૩૬ મું વર્ષ ચાલે છે. દરીયાઈ ખારી હવા અને ભૂકંપ જેવી હોનારતોને લીધે ખુબ જ નુકશાન અને જર્જરીત થયેલ પરંતુ વડતાલ ગાદીનાં આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી તેમજ

વડતાલ ટેમ્પલ કમીટી બોર્ડની આજ્ઞા-આશીર્વાદ અને સાથ સહકારથી જીર્ણોધ્ધાર કાર્ય ચાલી રહ્યું છે. તેમજ શ્રીજી મહારાજની અંગસંગ પ્રસાદી વસ્તુનું સંગ્રહાલય (મ્યુઝીયમ) પણ તેમાં બની રહ્યું છે જેનો ઉદ્‌ઘાટન મહોત્સવ આગામી શ્રીમદનમોહનજી મહારાજનો ૧૯૧ મો પાટોત્સવ (તા.૪/૫/૨૦૧૭ થી ૮/૫/૨૦૧૭) સુધી ભવ્ય રીતે ઉજવાશે તેમાં થશે.

તો સર્વે સંતો-ભક્તો જરૂરથી પધારશો.

## ધોલેરામાં પ્રસાદીની બેઠકનું નિર્માણ

### શ્રી ઉન્મત્તગંગા માહાત્મ્ય

### અધ્યાય - ૬

શ્રી ત્ર્યંબકલાલભાઈના પ્રશ્નથી મહાન્ બુદ્ધિમાન્ વર્ણીરાજ શ્રીઅનંતાનંદસ્વામીને ઘણો સંતોષ થયો. પછી કથા સાંભળવામાં શ્રદ્ધાવાળા શ્રી ત્ર્યંબકલાલભાઈ આગળ ઈતિહાસ કહ્યો. ૧

શ્રીઅનંતાનંદસ્વામીએ કહ્યું, હે ધીમન્ ! ધોલેરા ગામમાં શ્રીમદનમોહનજી મહારાજનું મંદિર લોકો જોવા આવે તેવું સુંદર દિવ્ય છે. ૨

તેનાથી પશ્ચિમ તરફ એક સમતળ સુંદર મંગળમય સ્થાન છે. તે સ્થળે પરમાત્મા શ્રીહરિ વિરાજમાન થતા હતા અને ત્યાં સુંદર વેદિકા (ઓટો) બનાવી હતી. ૩

સદ્‌ગુરુ શ્રીનિષ્કુળાનંદસ્વામી ધોલેરામાં રહેતા હતા. જે મૂર્તિમાન વૈરાગ્ય જેવા હતા. તેઓ વેદિકા પાસે બેસીને શ્રીહરિની અનેક પ્રકારની લીલાઓને સંભારતા હતા. ૪

હે વિપ્ર ! મુનિવર્યના હૃદયકમળમાં તે બધી લીલાઓ તુરંત સાક્ષાત સ્ફુરણાયમાન થઈ અને તેમાં સાક્ષાત્ શ્રીહરિના પરમ આનંદકારી દર્શન થયા. ૫

તે સમયે જ તેમના અંતઃકરણ અને ઈન્દ્રિયો શ્રીહરિના સ્વરૂપમાં લીન થઈ ગયા. માનો એ સંત અક્ષરધામમાં પહોંચી ગયા હોય ને શું? કાવ્યકળામાં કુશળ તે સ્વામી બે ઘડી તો દેહનું ભાન પણ ભૂલી ગયા. ૬

થોડીવારે તેઓ ભાનમાં આવ્યા, તેમને અત્યંત શાંતિનો અનુભવ થતો હતો અને પ્રસન્નતાથી જ્યાં બેસે છે તેટલીવારમાં જ ગાંફગામના દરબાર શ્રીરાયસિંહજીના મંત્રી શ્રીદેવકૃષ્ણભાઈ વ્યાસ ત્યાં આવ્યા. ૭



શ્રી દેવકૃષ્ણભાઈએ પહેલા તો શાસ્ત્રોક્ત રીતિ પ્રમાણે આદરભાવથી શ્રીમદનમોહનજી મહારાજના દર્શન કર્યા. મોટેરા વિદ્વાન્ સંતોને પગે લાગ્યા. પછી શ્રીહરિના પ્રસાદીરૂપ સ્થાન-વેદિકાએ આવ્યા. ૮

વેદિકાના દર્શન કરવાથી તેમનું મન પ્રસન્ન થયું. દર્શન કર્યા જેવા સંતવર્ય શ્રીનિષ્કુળાનંદસ્વામીને ત્યાં વિરાજેલા દેખ્યા. સ્વામી ખૂબજ પ્રસન્ન જણાયા. અત્રિનંદન દત્તાત્રેયના જેવા તેઓ ક્ષમા સાગર હતા. પુષ્કળ પાણી વરસી ગયા પછીના વાદળા જેવી તેમની નિર્મળ અને વિશદ શોભા હતી. ૯

શ્રી દેવકૃષ્ણભાઈએ શ્રીનિષ્કુળાનંદસ્વામીને યોગ્ય રીતે પ્રણામ કર્યા. તેમણે સ્વામીને અત્યંત પ્રસન્ન મનવાળા જોયા, તેથી પૂછયું, "મુનિરાજ ! અત્યારે આપ ખૂબજ પ્રસન્ન ચિત્ત જણાઓ છો. તેનું શું કારણ છે ? તે આપ મને કહો." ૧૦

પછી સ્વામીએ પોતાને પ્રશ્ન કરનારા તે મંત્રીને મધુર શબ્દોથી સન્માન્યા. તેમના પોતાના મનમાં તો ધૂળનું ઢેફું, પથ્થર કે સોનું, બધું જ એક સરખું માયિક જણાતું હતું અને સ્વયં ધીર-ગંભીર હતા, તેથી ધીરે રહીને બોલ્યા, ૧૧

હું અહીં બેઠો છું. શ્રીહરિ-સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય લીલાઓને અને કેટલીક સુમધુર મનુષ્ય લીલાઓને સંભારતો હતો. તે પ્રસંગે બરાબર મને શ્રીહરિનું સ્વરૂપ યાદ આવ્યું. ૧૨

તેમાં શ્રીહરિ મારી દૃષ્ટિ આગળ પ્રકટ થયા. પ્રભુ દિવ્ય દૃષ્ટિથી મારી સામે જોઈ રહ્યા હતા. તેમના સ્વરૂપને અનુરૂપ જ અવયવો હતા. દર્શન કરનારના પાપોનો વિનાશ કરતા હતા. ૧૩

વસ્ત્ર અને અલંકારોથી સુશોભિત મુક્તોએ તેમને પૂજ્યા હતા. મુખારવિંદ ઉપર મંદહાસ્ય સ્ફુરી રહ્યું હતું. હાથમાં રહેલો રૂમાલ ફેરવતા હતા.

૧૪ આવી મૂર્તિના દર્શન થયા એટલે તુરંત મેં તેમને યોગ્ય આસન અર્પણ કર્યું. તેના ઉપર શ્રીહરિ





વિરાજ્યા, અને પ્રસન્ન થઈને મારા મસ્તક ઉપર પોતાના બન્ને હાથ મૂક્યા.

૧૫ તમે પોતાના મનમાં એમ સમજો કે શ્રીહરિના રાજીપાથી જ હું અત્યારે ઘણો ખુશ છું. હે વિપ્ર ! તમને પણ હું એક આજ્ઞા કરું છું, તમે ધ્યાન દઈને સાંભળો. ૧૬

જ્યાં અત્યારે આપણે બેઠા છીએ તે આ સ્થાન શુભ મંગળમય દેખાય છે. શ્રીહરિની પ્રસાદીરૂપ છે અને તેમની સ્મૃતિ કરાવી આપે છે તેથી મને ખૂબજ ગમે છે. ૧૭

એકાંતિક ભક્ત પુરુષોની અનેક પ્રકારની વિપત્તિઓનું નિવારણ કરનારી, અને સતત સંભાર્યા જેવી અનેક પ્રકારની શુભ લીલાઓ શ્રીહરિએ આ સ્થળે કરી હતી. ૧૮

માટે તમે આ સ્થળે એક સુંદર મંદિર કરાવો. કરુણાનિધિ શ્રીહરિ તમારા ઉપર રાજી થશે. ૧૯

હે શ્રીમન્ ! ભગવાનના એકાંતિક ભક્તો, જે અહીં આવીને પોતાના હૃદયમાં શ્રીહરિનું ધ્યાન કરે છે તેઓ પણ અહીં મંદિર કરાવનારા તમારા ઉપર પ્રસન્ન થશે. ૨૦

ભૂત, વર્તમાન અને ભવિષ્ય, ત્રણેય કાળમાં તેના ગુણોથી આવતી તમારી બધી જ પીડાઓ મંદિર કરાવવાથી નાશ પામશે. અહીં બેસીને ભગવાનનું ધ્યાન કરનારા ભક્તોને પરમ સુખ-શાંતિ થશે. ૨૧

હે વિપ્રવર્ય ! હું તો તમારા ઉપર પ્રસન્ન થઈશ જ. આ રમણીય સ્થળ શ્રીહરિનું સ્મરણ કરવા લાયક છે. ૨૨



શાંત મનવાળા તથા આમ આજ્ઞા કરી રહેલા મુનિવર્ય શ્રીનિષ્કુળાનંદ સ્વામીના આદેશ વચનને શ્રી દેવકૃષ્ણભાઈએ પ્રસાદી ફૂલહારની જેમ મસ્તકે ચડાવ્યું. અને તે આજ્ઞાથી મનમાં સંતોષ અનુભવીને તેમણે કહ્યું. ૨૩

માણસ પોતાના મનમાં નક્કી કરેલું કાર્ય જેમ યોગ્ય સમયે કરે છે, તેમ સ્વામી આપની આજ્ઞાને હું મારા હૃદયમાં ધારું છું અને સારે સમયે આ સ્થળે મંદિર કરાવીશ. ૨૪

શ્રી દેવકૃષ્ણભાઈએ સ્વામી આગળ આમ આજ્ઞા વચન સ્વીકાર્યું ત્યારે શ્રી નિષ્કુળાનંદસ્વામી તેના ઉપર પ્રસન્ન થયા અને પોતાના કંઠમાં જે ફૂલહાર હતો તેને ઉતારીને હૃદયમાં રહેલી ભગવાનની મૂર્તિ જેમ આપે તેમ આપ્યો. ૨૫

પછી કેટલોક સમય પસાર થઈ ગયો. શ્રી નિષ્કુળાનંદસ્વામીનું આજ્ઞા વચન મનમાં હતું અને શ્રી દેવકૃષ્ણભાઈ આચાર્ય મહારાજશ્રી ભગવતપ્રસાદજી પાસે વડતાલ ગયા. ૨૬

તેઓ આચાર્ય મહારાજશ્રીની સહૃદયતાને જાણતા હતા. વિવેક પૂર્વક પગે લાગ્યા નતાંસ-વિનમ્ર પણે અત્યંત કરુણામૂર્તિ આચાર્યશ્રીની આગળ વાત કરતા બોલ્યા. ૨૭

હે ગુરો ! મારે આપને એક વિનંતિ કરવાની છે, તે આપ સાંભળો, આપ બધું જાણો છો, હું જે કહેવા કરવા માગું છું તે સર્વજ્ઞ શ્રીહરિના મહિમાને પણ આપ સમજો છો, અને વિશેષમાં આપ લોકોનું કલ્યાણ કરો છો. ૨૮

મારે ધોલેરામાં પ્રસાદીના વેદિકાવાળા સ્થળે મંદિર કરાવવું છે. તે કાર્ય ઉભયાન્વયિ - બે પ્રયોજનવાળું છે. મેં મનમાં જે કાર્ય ધારી રાખ્યું છે તે આપની આગળ કહું છું. ૨૯

સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદસ્વામીએ આજ્ઞા કરી છે તેથી મંદિર કરાવીશ, પણ સાથોસાથ તે દ્વારા મારા રાજા દરબાર શ્રીરાયસિંહજીને સત્સંગ પણ થશે. ૩૦

હે શ્રીમન્ ! મંદિર પૂરું થાય ત્યારે સોળ ચિહ્નવાળા શ્રીહરિના ચરણારવિંદની પ્રતિષ્ઠા કરવા માટે સંતહરિભક્તોની સાથે આપ તો ત્યાં પધારશો જ. ૩૧





તે સમયે હું અમારા દરબાર શ્રીરાયસિંહજીને આપની પાસે લઈ આવીશ. આપના દર્શનના પ્રભાવથી, સંતોના મુખથી સત્સંગની વાતો સાંભળવાથી તથા પ્રતિષ્ઠા મહોત્સવના દર્શન કરવાથી દરબારશ્રીના હૃદયમાં સત્સંગ ઊતરશે જ. મારા મનમાં આવી એક શુભ કલ્પના છે. ૩૨-૩૩

ઉપર કહ્યા પ્રમાણે બોલતા શ્રી દેવકૃષ્ણભાઈનું હાર્દ સમજીને આચાર્ય શ્રીભગવતપ્રસાદજી મહારાજ રાજી થયા અને પોતાના ઉપર ખૂબજ હેતવાળા તે વિપ્રને "બહુ સારું" આમ બોલીને હા કહી. ૩૪

પછી ઘણા ઉત્સાહી શ્રી દેવકૃષ્ણભાઈએ સારા નિષ્ણાત શિલ્પિ-કારીગરોને બોલાવીને તેમની પાસે સુંદર કલાત્મક મંદિર કરાવ્યું. ૩૫

મંદિર જ્યાં સુધીમાં પૂરું થઈ ગયું તેટલા સમયમાં તો ધર્મમાં બુદ્ધિવાળા અને મહાન સમર્થ આચાર્ય શ્રીભગવતપ્રસાદજી મહારાજ તિરોહિત થયા- અક્ષરવાસી થઈ ગયા. ૩૬

પછી તે સદ્ગત આચાર્ય મહારાજમાં ખૂબજ હેત રાખતા તે મંત્રી વિપ્ર શોકથી વિહ્વળ થઈ ગયા. શરીરને ક્ષણ ભંગુર સમજીને તેમને બધે વૈરાગ્ય થઈ ગયો. ૩૭

"ધર્મ સંબંધી જે કામ તે તત્કાળ કરવું અને તે જ ખરું શ્રેયસ્કર છે" એમ તેમણે પોતાના મનમાં સ્પષ્ટ રીતે વિચારી લીધું. ૩૮

પછી તે વિપ્રવર્ય પોતાની સાથે થોડા માણસોને લઈને ગઢપુર ગયા. શ્રી ગોપીનાથજી મહારાજ આદિ ભગવત્સ્વરૂપોનાં દર્શન પૂજન વગેરે કરીને મનમાં રાજી થયા. ૩૯

પછી તેઓ આચાર્ય શ્રી ભગવતપ્રસાદજી મહારાજના પુત્ર, સુબુદ્ધિમાન્ આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજની પાસે ગયા. ૪૦

બુદ્ધિશાળી શ્રી દેવકૃષ્ણભાઈએ આચાર્ય મહારાજશ્રીને પગે લાગીને સ્તુતિ કરી અને તેમની આગળ જે કહેવાનું હતું તે વિનંતિ પૂર્વક કહ્યું. ૪૧

ધોલેરામાં મેં કરાવેલા મંદિરમાં શ્રીહરિના ચરણારવિંદ પધરાવવા છે, આમ મેં પહેલાં કૃપારસથી તરબોળ દૃષ્ટિવાળા આપના પિતાશ્રીને પ્રાર્થના પૂર્વક કહ્યું હતું. ૪૨

મહાન યશસ્વી આપના પિતાજી તો તિરોહિત થઈ ગયા છે. હવે આપ મારા તે કામને, પ્રાર્થના કરનારાનું કામ તેને સ્વયં સમર્પિત થઈને વરસાદ કરે છે તેમ, સત્વરે પૂર્ણ કરો. ૪૩

હમેશાં ધર્મસંબંધી કામમાં તત્પર રહેનારા આચાર્ય મહારાજશ્રી તે વિનંતિ સાંભળીને પ્રસન્ન થયા અને ચરણારવિંદ પધરાવવા આવવાની હા કહી. વિશેષ વાત કરીને કહ્યું કે, હે સન્મતે ! તમે જ્યારે સારું શુભ મુહૂર્ત જોઈને ધોલેરા જાઓ ત્યારે રમણીય મંગળ પત્રિકાઓ કુંકુમ છાંટીને હરિભક્તોને મોકલજો અને તે રીતે મને પણ મોકલજો. તે વખતે તમારું હિત ચાહતો હું પણ ત્યાં આવીશ. આ પ્રમાણે આચાર્ય મહારાજશ્રીની વાણી સાંભળીને શ્રી દેવકૃષ્ણભાઈ રાજી થયા અને પછી પોતાને ગામ ગાંફ ગયા. ૪૪-૪૬

પછી પવિત્ર બુદ્ધિવાળા અને ઉત્સુકતા પૂર્ણ વિપ્ર શ્રીદેવકૃષ્ણભાઈએ શુભ કાર્ય માટે પ્રેમથી પોતાના રાજા દરબાર શ્રીરાયસિંહજીને પણ આમંત્રણ આપ્યું. ૪૭

તેમણે દરબારશ્રીને કહ્યું કે જેને તમે મળવા ચાહો છો તે આચાર્ય મહારાજશ્રી ધોલેરા પધારશે. શુકદેવજી અને નારદજીના જેવા નિર્મળ મનના અને જીવોને મોક્ષનો ઉપદેશ કરવામાં તત્પર રહેતા સ્ત્રી અને ધનનો ત્યાગ કરનારા સંતો પણ ધોલેરામાં પધારશે. જેના દર્શન કરવા માત્રથી જ લોકોના પાપનો નાશ થઈ જાય છે. ૪૮-૪૯

હે શ્રીમન ! તેમનો સમાગમ કરવાથી તમારા હૃદયમાં સત્સંગ પ્રવેશશે અને આવા પ્રયોજનથી જ હું આપને આમંત્રણ આપી રહ્યો છું. ૫૦





આ પ્રમાણેનું પોતાના મંત્રીનું વચન પ્રેમથી સાંભળીને દરબાર શ્રીરાયસિંહજીના મનમાં ચરણારવિંદ પ્રતિષ્ઠા મહોત્સવના દર્શન કરવાની ઉત્કંઠા થઈ અને હું મહોત્સવમાં આવીશ એમ કહ્યું. ૫૧

મહોત્સવના કાર્યમાં ઘણા કુશળ અને સહુની સાથે પ્રેમ ભર્યો વર્તાવ કરનારા તે વિપ્રે બીજા લોકોને પણ આમંત્રણ આપ્યું અને પછી સ્વયં ધોલેરા ગયા. ૫૨

અત્યંત ઉત્સાહ અને ઉદારતા ભર્યા ઉત્સવપ્રેમી વિપ્ર શ્રેષ્ઠ શ્રી દેવકૃષ્ણભાઈએ જ્યોતિષીને મળીને પ્રતિષ્ઠાનું મુહૂર્ત પૂછયું. ૫૩

ત્યારે જ્યોતિષીઓમાં મૂર્ધન્ય ગણાતા પંડિતે તેમને "સં.૧૯૩૮ ના આસો માસની શરદ પૂનમે મંગળમય સારું મુહૂર્ત છે." એમ કહ્યું. ૫૪

કાર્યકુશળ મહાન બુદ્ધિશાળી અને સારો મહોત્સવ કરવા ચાહતા તે દેવકૃષ્ણભાઈ વિવિધ પ્રકારની, ઉત્સવમાં આવશ્યક એવી સામાગ્રીઓ એકઠી કરવા લાગ્યા. ૫૫

ઉત્સાહી તે મંત્રીએ નિમીત થઈને પોતાના માણસો દ્વારા હરિભક્તોના ઉપર અને સંતોના ઉપર સુંદર મંગળ પત્રિકાઓ લખાવી. ૫૬

આચાર્ય મહારાજશ્રીને જે મંગળ પત્રિકા લખવી જોઈએ, તે સારા સમજદાર તે મંત્રીએ સ્વયં લખી. તમે વિપ્ર શ્રેષ્ઠ છો અને તે જાણવા ચાહો છો. તો હું તે તમને કહું છું, તમે સાંભળો. ૫૭

મંત્રી શ્રીદેવકૃષ્ણભાઈ કુંકુમ પત્રિકા લખે છે કે, સ્વસ્તિ શ્રીગઢપુર મધ્યે વિરાજમાન, અપાર ક્ષમા આદિ સદ્‌ગુણોને લીધે સેવવા લાયક, સમગ્ર આશ્રિત જનોને સંતોષ પમાડનારા, પોતાના ધર્મમાં તત્પર અને ઉદાર સ્વભાવવાળા આવા આચાર્યશ્રીને ભૂમિ ઉપર દંડવત્ પ્રણામ કરું છું. ૫૮

પરમ મંગળકારી સદ્‌ગુણોથી વિરાજમાન અને સ્વધર્મનિષ્ઠ આવા જે આચાર્ય શ્રી ભગવતપ્રસાદજી મહારાજ હતા, તેમના સુપુત્ર આચાર્યશ્રીના લક્ષણોથી સંપન્ન ગુરુવર આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ આ પૃથ્વી ઉપર સર્વશ્રેષ્ઠ આચાર્યના રૂપમાં વિરાજી રહ્યા છે. ૫૯

હાલમાં ધોલેરા ગામમાં રહેલા મેં દેવકૃષ્ણ નામના વિપ્રે જે આ મંગળમય કુંકુમ પત્રિકા લખી છે તેને કરુણારસથી પૂર્ણ હૃદયવાળા સદ્‌ગુરુ આચાર્યવર્ય આપશ્રીએ ખૂબજ શાંતિથી સાંભળવી - વાંચવી. ૬૦

હમણાં શ્રીહરિના ચરણારવિંદ જોડીની પ્રતિષ્ઠાના કામમાં મારું હૃદય લાગેલું છે, હે દીનબંધુ સદ્‌ગુરો ! આપને આ આમંત્રણ પત્ર મોકલું છું. આપ આ પ્રતિષ્ઠા પ્રસંગ ઉપર આવવા પ્રતિજ્ઞાબદ્ધ થયા છો તો તે પ્રતિજ્ઞાનું પાલન કરવા આપ પધારો. ૬૧

હે ભૂમન્ ! આવતી આસો સુદિ પૂનમની શુભ તિથિએ તે પ્રતિષ્ઠાનું રમ્ય શુભ મુહૂર્ત આવી રહ્યું છે. તો તે પ્રસંગે આપ પોતાના બધા સેવક વર્ગને સાથે લઈને અહીં પધારો. બસ મારી આટલીજ પ્રાર્થના છે. ૬૨

મેં યોજેલી આ પ્રતિષ્ઠા વિધિમાં આપના પધારવાથી અનેક લોકોનું કલ્યાણ થશે, એમ હું માનું છું. હે શ્રીમન્ ! અમારા રાજા દરબાર શ્રીરાયસિંહજી સારા મુમુક્ષુ છે તે પણ ભકતની માફક આપને મળવા ચાહે છે. ૬૩

હે સદ્‌ગુરો ! શ્રીહરિના એકાંતિક ભક્તહૃદય હરિભક્ત સમુદાયને બોલાવવા માટે ઘણીજ કુંકુમ પત્રિકાઓ મોકલી છે. તે હરિભક્તો અને બીજા ઘણા લોકો પણ ઉત્સવમાં દર્શન કરવા આવશે, તો હે ગુરો ! આપ અહીં પધારીને તે સહુને આનંદિત કરો, સુખી કરો. ૬૪

શ્રી અનંતાનંદ સ્વામીએ કહ્યું, આ રીતે કુંકુમ પત્રિકા લખી, તેને બંધ કરી મહાન બુદ્ધિશાળી શ્રી દેવકૃષ્ણભાઈએ ખસતા ગામમાં રહેતા મોટાભાઈ શ્રી પીતાંબરભાઈને આપી અને તેમને ગઢપુરમાં વિરાજમાન





કરુણામૂર્તિ આચાર્ય મહારાજ શ્રી વિહારિલાલજી મહારાજને તે આપવા માટે મોકલ્યા. ૬૫

તેઓ ગઢપુર પહોંચ્યા. તેમણે આચાર્ય મહારાજશ્રીને દંડવત પ્રણામ કરીને કંકોત્રી આપી. મહાન યશસ્વી આચાર્ય મહારાજશ્રીએ તે પત્રિકા વાંચી. પછી પોતે ધોલેરા જવા તૈયાર થયા અને સાથે આવનારા પોતાના સેવક વર્ગને પણ તૈયાર થવાની તેમણે આજ્ઞા કરી. ૬૬

(શ્રીઉન્મત્તગંગામાહાત્મ્ય અધ્યાય - ૬ - સમાપ્ત)

## અધ્યાય - ૭
## શ્રીવિહારિલાલજી મહારાજનું ગઢપુરથી ધોલેરા આવવું

શ્રી ત્ર્યંબકલાલભાઈએ પૂછ્યું, હે મહામતે ! આચાર્ય શ્રી વિહારિલાલજી મહારાજ જેમને સાથે લઈને સર્વશ્રેષ્ઠ ધામ ધોલેરા પધાર્યા હતા તે સહુના નામ મને કહી સંભળાવો. ૧

ત્યારે અનંતાનંદ સ્વામીએ કહ્યું, ૧-શ્રી અનુપમાનંદ નામે શ્રી મુક્તાનંદ સ્વામીના શિષ્ય અને ૨-હું (અનંતાનંદ વર્ણી) પણ આચાર્ય મહારાજની સાથે ધોલેરા ગયા હતા. ૨

૩-કોઠારી શ્રી ભક્તિવલ્લભદાસજી, ૪-શ્રી ધર્મજીવનદાસજી, ૫-શ્રી કુંજવિહારિદાસજી અને ૬-કોઠારી સ્વામી શ્રી જ્ઞાનવલ્લભદાસજી, ૭-સ્વામી શ્રી ભગવત્સવરૂપદાસજી, ૮-સ્વામી શ્રી શ્યામસુંદરદાસજી, ૯-સ્વામી શ્રી રામચરણદાસજી, ૧૦-સ્વામી શ્રી રઘુવીરચરણદાસજી, ૧૧-સ્વામી શ્રી કૃષ્ણજીવનદાસજી, ૧૨-સ્વામી શ્રી કૃષ્ણસેવકદાસજી, ૧૩-મારા શિષ્ય, ઘણા બુદ્ધિશાળી બ્રહ્મચારી શાસ્ત્રી શ્રી મુનીરાનંદજી અને ૧૪-વિદ્વાન્ બ્રહ્મચારી શ્રી વાસુદેવાનંદજી, બ્રહ્મચારી શ્રી આનંદાનંદ સ્વામીના શિષ્ય વર્ણીવર્ય ૧૫-સદ્બુદ્ધિમાન્ બ્રહ્મચારી સ્વામી શ્રી નિર્ગુણાનંદજી, ૧૬-બ્રહ્મચારી સ્વામી શ્રી અક્ષરાનંદજી, ૧૭-બ્રહ્મચારી સ્વામી શ્રી માયાતીતાનંદજી, ૧૮-બ્રહ્મચારી સ્વામી શ્રી નિર્માનાનંદજી આ ચાર વર્ણીઓ શ્રી આનંદાનંદ સ્વામીના કૃપાપાત્ર હતા. ૧૯-કોઠારી પાર્ષદ શ્રી ભીમજીભાઈ અને ૨૦-કોઠારી પાર્ષદ શ્રી મોનાભગત જે બન્ને કોઠારીઓએ પોતાની વિશાળ બુદ્ધિપૂર્વકની સેવાથી શ્રીહરિનો રાજીપો મેળવ્યો હતો. ઘણી સૂઝ-બુઝવાળા ૨૧-પાર્ષદ શ્રી હરિભાઈ, આ બધા ત્યાગી સાધુ, બ્રહ્મચારી અને પાર્ષદો શ્રીહરિના ચરણકમળમાં સુદૃઢ ભક્તિભાવથી જોડાયેલા હતા. તે સહુ ધોલેરા ગયા હતા. ૩-૧૦

ગૃહસ્થ હરિભક્તોમાં અંબરીષ રાજાના જેવા આત્મનિવેદી શ્રી દાદાખાચરના પુત્ર ગઢપુરના ગામધણી, ભક્તરાજ ૧-દરબાર શ્રી અમરાખાચર તેમના બે ભત્રીજાઓ ૨-શ્રી ગીગાખાચર અને ૩-શ્રી રાવત ખાચર, ૪-શ્રી કાંથડખાચર ગુદાળાના ગામધણી, બુદ્ધિમાન ૫-શ્રી રાવતખાચર (બીજા), પોતાના થોડા અનુયાયીઓની સાથે લઈને આવેલા ૬-શ્રી દાદૂભાઈ, વાંકિયાના ૭-દરબાર શ્રી સુરગભાઈ, થોડા માણસોને સાથે લઈને આવેલા પાળિયાદના ગામધણી, ઘણા બુદ્ધિશાળી ૮-દરબાર શ્રી જીવાભાઈ, ૯-જેઠસુરભાઈ નામે સારંગપુરના દરબાર, થોડા પોતાના માણસોની સાથે ૧૦-શ્રી કુંડળના દરબાર, પરિવાર સાથે કારિયાણીના ગામધણી ૧૧-દરબાર શ્રી, ઝીંઝાવદરના ગામધણી ૧૨-દરબાર શ્રીમૂળુભાઈ, કોટડા (પીઠા)ના ગામધણી ૧૩-દરબાર પરિવાર સહિત હતા. આ સિવાયના બીજા દરબારો પણ આત્મીયજનો સાથે મહોત્સવના દર્શન કરવા ધોલેરા આવ્યા હતા. ૧૧-૧૭

બીજા ગામોના હરિભક્તો સારા વસ્ત્ર અલંકારો પહેરી, અનેક પ્રકારના સારા વાહનોમાં બેસીને હરખથી



ઉત્સવ કરવા આવ્યા હતા. ૧૮

અનેક વાહનો લઈને આવેલા સહુ ભક્તોને સાથે લઈને બુદ્ધિશાળી આચાર્ય મહારાજશ્રી ગઢપુરથી ચાલતા થયા. રસ્તામાં ઝમરાળા નામે એક સુંદર ગામ આવ્યું. ૧૯

ત્યાંના પટેલ પાંચાભાઈ આદિ હરિભક્તોએ હાજર રહીને સેવા કરી. ત્યાં રાજી થઈને બે પહોર (૬ કલાક) રોકાયા. પછી ત્યાંથી નીકળીને નાવડા ગામ પધાર્યા. ૨૦

ત્યાંના ખૂબજ ભાવિક ભક્ત નથુ શેઠ વણિકે સંત હરિભક્તો સહિત પધારેલા ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રીની પ્રેમથી પૂજા કરી અને સહુને જમાડયા. ૨૧

ત્યાંના હરિભક્તો ધર્મ તથા ભક્તિના સદ્‌ગુણોથી સંપન્ન હતા. હે દ્વિજ ! સહુએ આચાર્ય મહારાજશ્રીને વિનંતિ કરી તેથી શ્રીહરિની પ્રસાદીના સ્થળે વેદી (ઓટો) કરી હતી. તેના ઉપર સોળે ચિહ્નો સહિત શ્રીહરિના ચરણારવિંદ પધરાવ્યા. ૨૨-૨૩



હે સન્મતે ! આચાર્ય મહારાજશ્રી નાવડા ગામમાં ખૂબજ પ્રસન્ન મનથી છ પહોર (૧૮ કલાક) રોકાયા. પછી ત્યાંથી સહુ અનુયાયીઓની સાથે ઓતારિયા ગામ પધાર્યા. ૨૪

ત્યાંના વણિક હરિભક્ત શ્રી મૂળજી શેઠ અને શ્રી ધનજી શેઠે અત્યંત ભક્તિભાવથી તે સહુની સેવા કરી. ત્યાં રાત વાસો કર્યો. ૨૫

પછી આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ બળદગાડીમાં બેસીને ધોલેરા જવા ચાલતા થયા અને તેમણે જે સદ્‌ગુરુઓને વાહનોની વ્યવસ્થા કરી આપી હતી. તે સંતો પણ તે વાહનમાં બેસીને ધોલેરા જવા ચાલી નીકળ્યા. ૨૬

જે ઘોડે સવારો હતા તેમાં કેટલાકના હાથમાં ફરકતા ભાલા હતા. કેટલાક પાર્ષદોના હાથમાં તલવારો હતી. સંત મંડળોના હાથમાં જપ માળાઓ હતી. સહુ ધોલેરા જવા ચાલ્યા. ૨૭

હે વિપ્ર ! શ્રીહરિના ચરણકમળમાં જોડાયેલા જે ગૃહસ્થ હરિભક્તો આચાર્ય મહારાજની સાથે હતા અને બીજા જે આમ તેમ આસપાસના ગામોથી આવેલા હરિભક્તો હતા તે બધા ધોલેરા જઈને પરસ્પર ભેળા થયા. ૨૮

પૂર્વે જેમ ધર્મપુત્ર યુધિષ્ઠિર મહારાજના રાજસૂય યજ્ઞમાં વસુદેવપુત્ર શ્રીકૃષ્ણ ભગવાન સૈન્ય સાથે ગયા હતા તેમ શ્રીહરિના ચરણારવિંદ સ્થાપન યત્રમાં આચાર્ય મહારાજશ્રી પોતાના અનુયાયી સંત હરિભક્તોની સાથે આવ્યા. ૨૯

શ્રીકૃષ્ણ ભગવાનના મુખચંદ્રના દર્શન ઈચ્છનારા ઈન્દ્રપ્રસ્થવાસીઓને જેમ અકસ્માત્ મહાન્ આનંદ થયો હતો તેમ આચાર્ય મહારાજશ્રીના મુખચંદ્રના દર્શન ચાહતા ધોલેરાવાસી ભક્તોને પણ મહા આનંદ થયો. ૩૦

હે વિપ્રવર્ય ! મહામંત્રી શ્રી દેવકૃષ્ણભાઈએ





પહેલેથી જ જે પોતાના રાજા દરબાર શ્રીરાયસિંહજીને ધોલેરા આવવાનું આમંત્રણ આપ્યું હતું તેઓ પણ ખૂબજ હરખનો અનુભવ કરતા સૈન્ય સાથે ધોલેરા આવ્યા. ૩૧

ચતુરંગિણી સેના સાથે દરબાર શ્રીરાયસિંહજી આચાર્ય મહારાજશ્રીની પાસે આવ્યા ત્યારે તેમને યોગ્ય પૂજાની સામગ્રી લઈને તેમના જે બીજા મંત્રીઓ હતા તે પાછળ પાછળ ચાલ્યા આવતા હતા. ૩૨

ધોલેરા ગામધણીના જે રાજકુમારો હતા તે બધા અલગ અલગ અનેક વાહનોમાં બેઠા હતા. તેઓ પૂજાના પદાર્થોના અનેક પાત્રોને લઈને ચાલતા પોતાના માણસોની સાથે આચાર્ય મહારાજશ્રીની સન્મુખ હરખભર્યા પહોંચ્યા. ૩૩

રોજકાના ગામધણી અને કાકુભાઈના પૌત્ર, જે દુનિયામાં શ્રી ભોજરાજ કહેવાતા હતા તથા તે દરબારના કાકા, મહાન નીતિકુશળ કે જેઓ મહારાજ શ્રી પૃથ્વીરાજ તરીકે પ્રસિદ્ધ હતા, આ બન્ને રાજાઓ પોતપોતાની સેના સાથે, જેમ વિશાળ કીર્તિમાન શ્રીકૃષ્ણ ભગવાનને સન્મુખ પ્રવિવિંધ્ય (યુધિષ્ઠિરના પુત્ર)ની સાથે ગાંડવધારી જેમ અર્જુન ગયા હતા તેમ, આચાર્ય મહારાજશ્રીની સન્મુખ ગયા. ૩૪-૩૫

હે વિપ્ર ! પીપળીના જે રાજકુમારો હતા તેઓએ પણ જાતજાતના આયુધ સજેલા હતા, સુંદર વાહનોમાં બેઠા હતા. પૂજા માટે સારી વસ્તુઓ સાથે લાવ્યા હતા, તે સહુ આચાર્ય મહારાજની સન્મુખ ગયા. ૩૬

હે આર્ય ! કુંકુમ પત્રિકા લખીને જે નગરોના અને જે ગામોના હરિભક્તોને આમંત્રણ આપ્યું હતું, તે બધા ખૂબજ પ્રસન્ન મનથી ત્યાં આવ્યા હતા. તેઓ પણ આચાર્ય મહારાજશ્રીની સન્મુખ ગયા. ૩૭

આચાર્ય મહારાજશ્રી ધોલેરા પહોંચ્યા ત્યારે ત્યાં રહેતા સાધુ, બ્રહ્મચારી, અને હથિયારધારી પાર્ષદો, નગરમાં રહેતા અધિકારી અંગ્રેજો તથા ગામના નીતિનિષ્ણાત બીજા કેટલાક લોકો સામૈયું લઈને ગયા. અનેક પ્રકારની વિચિત્ર વાજિંત્રોના ધ્વનિથી દિશાઓ ગુંજી રહી હતી. દરેકના હાથમાં પૂજાપો ભરેલા પાત્ર હતા. શરીરમાં પાછા આવેલા મુખ્ય પ્રાણને બીજા બધા અવયવો જેમ અનુસરે છે તેમ, સહુ હરખભર્યા હૃદયે આચાર્ય મહારાજશ્રીની સન્મુખ ગયા. ૩૮-૩૯

શ્રી દેવકૃષ્ણભાઈએ સાંભળ્યું કે "આચાર્ય મહારાજશ્રી પધાર્યા" પૂર્ણ ચંદ્રોદય થાય અને જેમ સમુદ્ર ઊભરાય, તેમ તે સમયે તેમના હૃદયમાંથી હર્ષ ઊભરાયો. બીજા કામો છોડી દીધા. પૂજાની સામગ્રી હાથમાં લીધી. પ્રાણ આવતાની સાથે જેમ શરીર ઉત્સાહી તેમ આદરભાવથી આચાર્ય મહારાજશ્રીની સન્મુખ આવ્યા. પાર્ષદો અને મુક્તોની સાથે પોતાની સભામાં પધારેલા ભગવાન નારાયણની સન્મુખ જેમ બ્રહ્મા જાય તેમ ઉત્સાહથી સન્મુખ ગયા. ૪૦-૪૧

શ્રદ્ધા અને આદરભાવ યુક્ત શ્રી દેવકૃષ્ણભાઈએ પ્રથમ આચાર્ય મહારાજશ્રીને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને પછી વિધિવત પૂજા કરી. તે સમયે ત્યાં જે રાજાઓ - દરબારો આવ્યા હતા, બધા શાસ્ત્રવિધિમાં નિપુણ હતા, તેમણે પણ શ્રીદેવકૃષ્ણભાઈની જેમ જ પૂજા કરી. ૪૨

શુભ મતિમાન શ્રીદેવકૃષ્ણભાઈનું મન શ્રીહરિની મૂર્તિમાં લાગેલું હતું. આચાર્ય મહારાજના દર્શન કરીને તેઓ રોમાંચિત થઈ ગયા. આનંદના અતિરેકથી ગળું ભરાઈ આવ્યું. "આપે અહીંયાં પધારીને દુનિયામાં ધન્ય ભાગ્ય કરી દીધો છે." આટલું વચન તેઓ તેમની પાસે બોલ્યા. ૪૩

સ્વભાવથી સુંદર આચાર્ય મહારાજશ્રીએ તે વખતે પોતાની સન્મુખ આવેલા દરબારો, અન્ય ધનાઢ્ય ગૃહસ્થ હરિભક્તો અને બીજા સહુ કોઈને તથા સંતો, વર્ણીઓ અને પાર્ષદો, જે વર્ગમાં જે મોટેરા હતા તે સહુને હસતે મુખે મધુર વચને બોલાવ્યા. કુશળ પ્રશ્ન પૂછયા તથા આદર પૂર્ણ વ્યવહારથી બધાની સંભાવના કરી. ૪૪



હે વિપ્ર ! સામૈયું લઈને આવેલા સહુને અત્યંત આનંદથી પૂર્ણ કરીને સારી રીતે પ્રસન્ન જણાતા આચાર્ય મહારાજશ્રી ત્યારે વિશેષ દીપિ રહ્યા હતા. અનેક પ્રકારના ભવ્ય વસ્ત્રાભૂષણોથી અધિક શોભતા તેઓશ્રી ત્યાં થોડીવાર તૈયાર કરેલા સારા આસન ઉપર વિરાજ્યા. ૪૫

હે દ્વિજરાજ ! અનેક કલ્યાણકારી શુભગુણોના પરમાશ્રયરૂપ આચાર્ય મહારાજશ્રી એક સજાવેલા સારા વાહનમાં વિરાજ્યા અને નગરમાં જવા પ્રયાણ કર્યું. આ જગતમાં સદ્ધર્મ માર્ગની રક્ષા કરવામાં શક્તિમાન તેઓશ્રી સંતોના સૈન્યની સાથે હતા. તે સમયે પૂર્ણચંદ્રના સમાન તેઓશ્રીની શોભા-સુંદરતા અત્યંત દર્શનીય હતી. ૪૬

(શ્રીઉન્મત્તગંગામાહાત્મ્ય અધ્યાય - ૭ - સમાપ્ત)

## અધ્યાય - ૮
## ધોલેરામાં આચાર્ય મહારાજશ્રીનો ધામધૂમથી પ્રવેશ

શ્રી ત્ર્યંબકલાલભાઈએ કહ્યું, હે વિદ્વાન્ ! આપ મને કહો, આચાર્ય શ્રી વિહારિલાલજી મહારાજ કેવા વાહનમાં બેસીને ધોલેરા નગરમાં પ્રવેશ્યા હતા? અને મનુષ્યોએ જોયા જેવી તેમની ધર્મસેના (સાથે રહેલ ધાર્મિક શિષ્યગણ) કેવી હતી ? ૧

વિદ્વદ્વર્ય વર્ણીને આમ પૂછયું ત્યારે તેઓ તે સુંદર શોભાને યાદ કરવા લાગ્યા. તેઓ ધર્મવંશીઓનું પોષણ કરવામાં ચતુર હતા, એટલે ધીરે રહીને તેઓ સંભારી રાખ્યા જેવું વચન બોલ્યા. ૨

શ્રી અનંતાનંદ સ્વામીએ કહ્યું, હે બુદ્ધિમન્ ! શ્રી દેવકૃષ્ણભાઈએ જ્યારે સ્તુતિ પૂર્વક વિનંતિ કરી ત્યારે અત્યંત તેજસ્વી સૂર્ય જેમ મેરુ પર્વત ઉપર ચઢે તેમ અંબાડીથી સજાવેલા પોતાના હાથી ઉપર તેઓ વિરાજ્યા. ૩

હે વિપ્રવર્ય ! પછી મહાપ્રતાપી શ્રીકૃષ્ણ ભગવાનને જેમ અર્જુન ચામર કરતા-વીંઝતા હતા તેમ વર્ણીરાટ્ શ્રી હરિપ્રસાદાનંદજીએ હાથમાં શુભ ચામર લીધું અને શ્રીઆચાર્ય મહારાજને તે હરખથી વીંઝવા લાગ્યા. ૪

શ્રીઆચાર્ય મહારાજે વિદ્વાન સંતો વગેરેને યોગ્યતા પ્રમાણે સારા વાહનોમાં બેસાડયા પછી ચતુરંગિણી સેના સાથમાં હોય એવા તેઓશ્રી ધોલેરા નગરમાં પ્રવેશ કરવા તૈયાર થયા. ૫

છત્રીશ પ્રકારના વાજિંત્ર વાગતા હતા, તે લોકોએ સાંભળ્યા અને તેમણે પોતાના કામ કાજ છોડી દીધા. ઉતાવળમાં તેમણે પોતાના વસ્ત્ર આભૂષણ આદિ પણ ઉલટા સૂલટા પહેરી લીધા. આચાર્ય મહારાજશ્રીના દર્શન કરવા ચાહતા તેઓ હર્ષપૂર્વક દોડી આવ્યા. ૬

મનને ગમે તેવો મેઘ ગાજતો હોય તેમ મોટા મોટા પડઘમ ધીરગંભીર અને સ્થિર ધ્વનિથી વાગવા લાગ્યા. મહાસાગરના તરંગોના ખળભળાટમાં જેમ પાણીનો બીજો અવાજ દબાઈ જાય છે તેમ પડઘમના ઘોર (ધ્વનિ) માં બીજો અવાજ ખોવાઈ ગયો હતો. ૭

ઘોડાની પીઠ ઉપર નમતા ગોઠવેલા બન્ને દુદુંભિનો તાલબદ્ધ ધ્વનિ અત્યંત રમણીય લાગતો હતો. સોનેરી તારથી સરસ બનાવેલો ધ્વજ સર્વોત્તમ ઘોડે સવારના હાથમાં ઘણોજ શોભતો હતો. ૮

હાથીની આગળના ભાગમાં એક સરખી રીતે ચાલતા અનેક માણસોના હાથમાં દંડા સાથે બાંધેલી રંગબેરંગી ધજાઓ હતી. તેની શોભા અનેક પ્રકારના રંગબેરંગી વૃક્ષોથી ભરપૂર નગરના ઉપવન હોય તેવી જણાતી હતી. ૯

આ ધર્મસેના, સમુદ્રમાં પ્રવેશવા જતી ત્રિવેણી હોય તેવી સુંદર શોભતી હતી. તે શોભા જોનારાની આંખોને લોભાવનારી અને સત્સંગના સભ્ય મનુષ્યોએ નિરંતર યાદ કર્યા જેવી હતી. ૧૦

તેમાં જે લોકોએ હંસની પાંખ જેવા કે ઉજળા શ્વેત વસ્ત્ર પહેર્યા હતા, તે તો ભાગીરથી ગંગાના પ્રવાહ જેવા દેખાતા હતા અને અંગ્રજોની જેમ જેણે કાળા વસ્ત્ર પહેર્યા હતા તે લોકો યમુનાના પ્રવાહ જેવા જણાતા હતા. ૧૧

જેણે સરસ્વતીના પ્રવાહ જેવા રંગના વસ્ત્ર પહેર્યા હતા તે બધા તેના પ્રવાહના ધોધ જેવા લાગતા હતા. સેનારૂપી ત્રિવેણીની શોભા વિચિત્ર હતી. અનુપમ હતી અને અભિનંદનીય હતી. ૧૨

હાથીની આગળ પાર્ષદો ચાલતા હતા. તેઓ વિવિધ પ્રકારના આયુધો અને તેને લગતા સાજથી દેખાવડા લાગતા હતા. તે બધા શું વૈકુંઠ લોકમાં રહેતા હશે? કારણ કે તેમના રૂપ ગુણ અને સ્વભાવ વૈકુંઠવાસી ભગવાનના પાર્ષદના જેવા જણાતા હતા. ૧૩

પાર્ષદોમાં શૌર્ય અપાર હતું. જેમ હરણ સિંહના બળને કે શૌર્યને સહન કરી શકે નહિ, તેમ રણભૂમિમાં યુદ્ધ કરવા ઊતરેલા પાર્ષદોના બળને અને શૌર્યને શત્રુઓ સહી શકતા નહિ. આચાર્ય મહારાજના મુખ સામે દૃષ્ટિ રાખનારા તેઓ ધીરતા અને ગંભીરતાથી અત્યંત દીપી રહ્યા હતા. ૧૪

શત્રુઓને દૃષ્ટિગોચર ન થાય તેવૌ રીતે, વિચિત્ર મોટા ભાથા પાર્ષદોની પીઠે લટકતા હતા. તેઓ નિર્ભય હતા. તેમની પાસે તીક્ષ્ણ હથિયારો હતા અને તેઓ ભૌતિક શરીર સુખ આદિમાં નિઃસ્પૃહ હતા. ૧૫

શરીરના સૌંદર્ય યુક્ત તેઓ ઉગ્ર પરાક્રમી હતા અને બબ્બે સાથે મળીને સારી બંદૂકોને જમીન ઉપર ધડાકા કરતા હતા. કેટલાક તો હર્ષ પૂર્ણ ઉત્સાહથી અનેક પ્રકારની યંત્ર સામગ્રીથી ધડાકા કરતા હતા. ૧૬

સોનેરી છડી હાથમાં રાખીને પાર્ષદ લક્ષ્મીદાસે એક સારા ઘોડા ઉપર બેઠા હતા અને તેઓ ઉંચે અવાજે જયનાદ સાથે છડી પોકારતા હતા, તે સાંભળીને તેને વાદળાંનો ગડગડાટ માનીને મોર નાચવા લાગ્યા. ૧૭

ઝૂલ ઓઢાડેલા અને ભાતભાતના ઘરેણાંથી શણગારેલા સુંદર ગજરાજ ઉપર વિરાજેલા આચાર્ય મહારાજશ્રી તે સમયે ઐરાવત હાથી ઉપર બેઠેલા દેવરાજ ઈન્દ્રના જેવી શોભા ધારી રહ્યા હતા. ૧૮

હે દ્વિજવર્ય ! તે નગરયાત્રામાં મનોહર અને વેગીલા ઘોડાઓની શોભા અદ્ભૂત હતી. તેની છટાદાર ઠમકતી ચાલ સુંદર હતી. તે એટલી બધી મનોજ્ઞતાને ધારી રહ્યા હતા કે તેને દેખીને ઈન્દ્રનો ઘોડો ઉચ્ચૈઃશ્રવા પણ શરમાઈ જતો હતો. ૧૯

ઘોડાઓની કેશવાળી ફરકતી અને ચંચળ છટાદાર હતી. નાચતા હોય તેવા તેના બન્ને પગના ઠમકારાની સાથે સોનાના ઝાંઝરનો રણકારો સંભળાતો હતો, માનો તે અપ્સરાઓને પણ નૃત્ય શીખવતો હતો. આમ પગના ડાબલાને (ખરીને) પછાડીને જમીનને પણ ખોદી નાખતા તે ઘોડાઓ ઓપી રહ્યા હતા. ૨૦



તે ઘોડાઓને વેગ એટલો ઝડપી હતો કે તેને દેખીને મનુષ્યનું મન લજ્જાઈ ગયું અને હૃદયમાં છુપાઈ ગયું. તે બહાર પ્રગટ થતું નથી કારણ કે શત્રુ આગળ હારી ચૂકેલો મનુષ્ય પણ દુનિયામાં કોઈને પોતાનું મોઢું દેખાડતો નથી. ૨૧

પલાણના કાઠામાં જડાયેલા રત્નોથી ભવ્ય લાગતા અને વીર સવારોના બેસવાથી અત્યંત દીપતા ઘોડાઓ શોભતા હતા. બધા જ સોનાના ઘરેણાં પહેરી રહેલા ઘોડેસવારો પણ માનો સ્વર્ગમાંથી આવેલા દેવતાઓ હોય, તેવા અદ્ભુત લાગતા હતા. ૨૨

રસ્તામાં નાના નાના બાળકો ધૂળથી રમતા હતા. ઘોડેસવારોનું આગળ ધ્યાન ગયું. તેમણે લગામ ખેંચીને ઘોડાને રોક્યા. તેટલા સમયમાં તો તે બાળકોની બધી માતાઓ ત્યાં ઝડપથી દોડી આવી અને તેણે બાળકોને ઉઠાવી લીધા. ૨૩

તે ઘોડેસવારો સાંકડા રાજમાર્ગમાં ગયા ત્યારે ઘોડાઓ પરસ્પર એકદમ ઘસતા ચાલવા લાગ્યા. ચંચળ ઘોડાઓની લગામ જ્યારે ઢીલી થઈ ત્યારે સવારોના ઘુંટણ અન્યોન્ય ઘણા ભીંસવા લાગ્યા. ૨૪

તે ઘોડાના શરીરની રુવાંટીમાં શુભ ગણાતી ગોળ દસ ભમરીઓ હતી તેમજ શુકનરૂપ ગણાતી અને સમૃદ્ધિને પમાડતી શુક્તિઓ (સમુદ્ર છીપ)ના ચિહ્ન છાતી ઉપર અને પીઠ ઉપર હતાં. ગળામાં રહેલા કૌસ્તુભ મણિના જેવા શ્રેષ્ઠ મણિઓની કાંતિથી તે આકર્ષક જણાતા હતા અને પડખાના ભાગ ભરાયેલા-પુષ્ટ હતા. ૨૫

તેમાં બાહ્લિક દેશના જાતવાન જે સારા ઘોડાઓ હતા તે બધા એક સરખા અને વેગમાં ગરુડના જેવા હતા. જુવાનીને લીધે તેના શરીરના બાંધા મજબૂત અને પુષ્ટ હતા. સેનામાં એક સરખા ભરતી થયેલા માણસના જેવા તે શોભતા હતા. ૨૬



અશ્વશાસ્ત્રના નિષ્ણાત શિક્ષકોએ કેળવેલા અને ચાલવામાં જે ચતુર ઘોડાઓ હતા તે આસ્કંદિત (જુસ્સાથી છલાંગ મારવી), પ્લુત (આગળ પાછળના બબ્બે પગને સાથે રાખીને કૂદવું), અર્ધપુલાયિત (કુંડાળાના રૂપમાં ઝડપથી ચાલવું), ધૌરિતક (રેવાળ-વારકું નામની ચાલ) અને રેચિત (હરણની જેમ ચારે પગથી એક સામટી છલાંગ મારવી), આવી પાંચ પ્રકારની ચાલ, જે ઓંશાસ્ત્રના વિદ્વાનોએ કહી છે, તે ચાલતા હતા. ૨૭

તે સમયે ચાબૂકના પ્રહારને ગણકાર્યા વિના જ એક ઘોડો ભાગ્યો અને રસ્તામાં જ ધ્રુજવા લાગ્યો. ત્યારે તેને નજીક જ એક ઊંટે કૂદાકૂદ કરીને પીઠ ઉપરનો બધો સામાન પાડી દીધો. તે ભાગતો ઘોડો અને કૂદતો ઊંટ, એક બીજાથી ડરી ગયા અને ભાગ્યા. ૨૮

ત્યારે એક મુસલમાન પ્રવાસી ઘોડે ચઢીને નીકળ્યો. આચાર્ય મહારાજશ્રીની નગરયાત્રાના સૈન્ય આગળ આવ્યો. તેના ભારે શરીરના વજનથી ત્રાસી ગયેલો ઘોડો કૂદવા માંડયો અને તેથી તે મોઢાભર જમીન ઉપર ઢળી પડયો. ૨૯

હે દ્વિજરાજ ! પૂર્વે શ્રીહરિની આવી વિજય યાત્રામાં એક જણ પોઠિયા ઉપરથી જ્યારે નીચે પડી ગયો ત્યારે દેખનારા સહુ લોકો હસ્યા હતા. તેમ આ વખતે પણ તે મુસલમાનને પડતા દેખીને જુવાનિયાઓ ખડખડાટ હસી પડયા. ૩૦

પોતાની દષ્ટિ આગળથી પસાર થતી ઘોડીને દેખીને પણ કોઈ ઘોડાને કામ વિકાર ન થયો. જે શ્રીહરિનું કે તેના આશ્રિતનું નામ લેવા માત્રથી જ જો કામનો નાશ થતો હોય તો તે શ્રીહરિના આશ્રિતોની હાજરીમાં તો કામ વિકાર સંભવે જ કેમ ? ૩૧

આચાર્ય મહારાજશ્રીની આ ધર્મસેના સાગરના ઊછળતા પાણીની જેમ શોભતી હતી. આ ધર્મસેના સૂર્યના કિરણોથી ચમકતી શોભતી હતી. જોનારા લોકોને માટે તે અદ્‌ભુત લાગતી હતી. ચળકતા ભાલારૂપ અનેક તરંગો તેમાં મળેલા હતા. ચારેબાજુ પ્રસરેલી આ સેનામાં સુશોભિત અને ઊછળતા ચામરો ફીણ જેવા લાગતા હતા. ૩૨

પવનથી આકાશમાં ફરકતી સોનેરી તારવાળી ધજાઓથી યુક્ત, રમણીય સોનાના રક્ષા કવચથી મઢેલા સોને મઢેલા સારા દર્પણ અને કળશની શોભાવાળા તથા સોનાના ઘુઘરાના રણકારાથી રમણીય લાગતા આવા રથ માર્ગમાં ચાલ્યા આવતા હતા. ૩૩

સૂર્યના ઘણા પ્રકાશમાં દેખાતી અને ગંગાના જેવી મનોહર શોભતી તે ધર્મસેનામાં યુવાન પાર્ષદોએ બાંધેલી ઢાલો કાચબાના જેવી જણાતી હતી. ભક્તોના મુખરૂપી કમળ સમૂહથી તે આકર્ષક લાગતી હતી, તેમાં સૈનિકોનું શ્રમજળ ભરાયું હતું અને ઊછળતા તીક્ષ્ણ ભાલારૂપી તરંગોથી તે ભવ્ય જણાતી હતી. ૩૪

મનુષ્યોનું અનેકવિધ કલ્યાણ કરવામાં પરમ ચતુર, નારદજી અને સનકાદિ સિદ્ધોના જેવા અથવા ઋષભદેવજીના પુત્ર નવ યોગેશ્વરોના જેવા શીલ સ્વભાવ વાળા પરમ દયાળુ અને ઉદારગુણ સંપન્ન, આવા મોટેરા સંતો તે નગરની ધર્મયાત્રામાં ચાલ્યા જતા હતા. ૩૫

સંતોના મહિમાને જાણનારા સત્પતિ પરમેશ્વર જેનું અપાર માહાત્મ્ય સ્વમુખે કહ્યું હતું. **"સાધવો હૃદયં મહ્યમ"** સાધુઓ મારું હૃદય છે અથવા સાધુઓ મારા હૃદય જેવા વહાલા છે, જે સંતો અનેક પ્રકારના પાપના પુંજોનો નાશ કરનારા છે. જે પૃથ્વીના જેવા ક્ષમાશીલ છે અને ધર્મવંશ (આચાર્યશ્રી) ની સાથે જોડાયેલા છે. ૩૬

હે શ્રીમન્ ! તે બધા સંતો હંસોનું ટોળું જેમ માન સરોવર તરફ આવતું હોય તેવા ઉત્સાહ યુક્ત હતા અથવા ભક્તિરસનું પાન કરીને અક્ષરધામમાં પહોંચેલા મુક્ત જેવા જણાતા હતા. શ્રીહરિના ચરણારવિંદમાં મન તથા પ્રાણોને જોડી દેનારા તે સંતો પાપપૂંજનો નાશ કરનારા હતા અને શ્રીહરિની મૂર્તિવર્ણનના કીર્તનોને જ મુખ્યપણે બોલતા હતા. ૩૭

મહાપ્રભુ શ્રીહરિ વડોદરા પધાર્યા હતા ત્યારે તેમની નગર યાત્રામાં નીકળ્યા હોય તેવા નૈષ્ઠિક બ્રહ્મચારીઓ આ વખતે આચાર્ય મહારાજશ્રીની નગર યાત્રાની ધર્મસેનામાં શોભતા હતા. તે નૈષ્ઠિક વર્ણીઓએ અષ્ટધા (આઠ પ્રકારે) સ્ત્રી સંસર્ગ તજી દીધો હતો. તેઓ



સમગ્રવેદને ભણી ચૂકેલા હતા.તથા સચ્છાસ્ત્રને સમજાવવામાં પરમ નિપુણ હતા. કેટલાકના મસ્તક ઉપર તો સુંદર બદામી રંગની અદ્‌ભુત જટાઓ હતી. બ્રહ્માના પુત્ર નારદ સનકાદિક કે વસિષ્ઠ વગેરેના જેવા વર્ણીઓ ગુરુની સેવા કરવામાં ઉત્સાહી હતા. તેઓ ચાલતા ચાલતા સુમધુર શ્લોકોને બોલતા હતા. જેના દર્શનમાત્રથી પાપનો નાશ થાય આવા તે બુદ્ધિમાન્ વર્ણીઓ મહર્ષિ ઋભુ અને અરુણિને સમાન ગણી શકાય તેવા હતા. ૩૮-૩૯

અનેક પ્રકારના શાસ્ત્ર સમૂહનો પાઠ કરવામાં ઋષિ પુત્ર હોય તેવા પંડિત દેખાતા તથા વેદ આદિ આર્ય વિદ્યાઓનું અધ્યયન કરનારા વિદ્યાર્થીઓ મનોહર શીલ-ચારિત્ર્ય વાળા જણાતા હતા ત્યારે, પૂર્વે આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજની વડોદરામાં નીકળેલી નગરયાત્રામાં આવેલા સામગાયકોની જેમ, તે શોભતા હતા. ૪૦

ધોલેરામાં રહેતા બ્રાહ્મણ પંડિતો વેદ ગાનમાં કુશળ હતા. એક સરખા સંભળાતા તેના કંઠની શોભા અદ્‌ભુથ હતી. તેઓ જ્યારે સ્વરોએ સહિત સુંદર વેદગાન કરવા લાગ્યા ત્યારે તેને સાંભળીને ખુદ બ્રહ્માજી ખુશ થઈ ગયા અને તેનાથી મસ્તક ડોલાવવા લાગ્યા. ૪૧

શ્રીહરિના ચરણકમળમાં ભમરાની જેમ પ્રેમ કરનારા, ધોલેરાના બુધાભાઈ અને બેચરભાઈ આદિ હરિભક્તો ઢોલ અને તાસા વગાડવામાં પ્રવીણ હતા. તેઓ સાંભળનારાને આનંદ થાય ઉત્સાહ વધે એ રીતે વાજિંત્રોને વગાડતા હતા. ૪૨

ધોલેરાવાસી સ્ત્રીઓ તથા પુરુષો, વૃદ્ધો કે બાળકો, બધાજ આનંદ ઉત્સાહમાં હતા. તે સહુએ પોતાનું કામકાજ તુરંત બંધ કર્યું અને પ્રફુલ્લિત કમળ જેવા નેત્રોથી પોતાના ઈષ્ટદેવ જેવા આચાર્ય મહારાજ પધાર્યા ત્યારે તેના દર્શન કરવા લાગ્યા. ૪૩

સમગ્ર લોકો ખૂબજ આનંદ અને ઉત્સાહિત હતા. ફુલડા જેવી મંગળરૂપ ધાણી અને સારા સુગંધી ફૂલ આચાર્ય મહારાજશ્રીના ઉપર વરસાવીને તેઓ "ઘણું જીવો !!!!" "સહુનું ભલું કરો !!!!" જેવા આશીર્વાદ ઉચ્ચારતા હતા અને તેમની અમૃત જેવી વાણીને વેદ વાક્યો પણ સહર્ષ અભિનંદન આપતા હતા. ૪૪

લોકો કહેતા, હે સૌમ્ય સજ્જનો ! આ અક્ષરાધિપતિ શ્રીહરિના પ્રપૌત્ર છે, ધર્મરૂપી કમળનો વિકાસ કરવામાં તો સૂર્યના જેવા છે. ધર્મવંશની ઉજ્જ્વળ કીર્તિ તેમણે પ્રાપ્ત કરેલી છે જ. હવે તેઓશ્રી આ જગતમાં "આચાર્યવર્ય" આવા માનને સાર્થક કરીને સારા પ્રમાણમાં વિરાજી રહ્યા છે. ૪૫

આશ્રિતોરૂપી કમળનો વિકાસ કરવામાં સૂર્ય જેવા પ્રભાવશાળી, ભૂમિ ઉપર ધર્મમર્યાદાનું રક્ષણ કરનારા અને પવિત્ર પાંડુવંશમાં જન્મેલા મહારાજા પરિક્ષિત્‌ની જેમ ધર્મપુત્ર શ્રી ઈચ્છારામજી મહારાજના કુળના પરમ આધારરૂપ શ્રીમાન્ આ આચાર્ય મહારાજશ્રી કલ્પપર્યંત આ જગતમાં વિજય લક્ષ્મીથી સંપન્ન રહો. ૪૬

સારા-ન્યાય નીતિનું સેવન કરનારાને જેમ રાજ્યવૈભવના જેવું શ્રેષ્ઠ સુખ મળે છે તેમ જેની પાસેથી દીક્ષા લેનારા લોકો ભગવાનના અક્ષરધામમાં જાય છે તેઓ પોતાના વિપુલ અને વિશાળ જ્ઞાનને લીધે તો બ્રહ્માને તુલ્ય ગણાય છે. ક્રતુમાનોને મધ્ય ભદ્રક્રતુની જેમ આ આચાર્ય મહારાજશ્રીની ઘણીજ યશ ભરી પ્રસિદ્ધિ થઈ છે. ૪૭

ઉપર કહ્યા પ્રમાણે નગરના લોકો જ્યારે ખરેખર સત્ય ઘટના રૂપ વાતો કરતા હતા ત્યારે આચાર્યશ્રીએ તે વાતોને પોતાના કાને સાંભળેલા અભીષ્ટ અર્થના રૂપમાં માની અને નગરની ભવ્યતાપૂર્ણ કાંતિ શોભાને જોતા જોતા તેઓશ્રી સર્વોત્તમ શોભાસંપન્ન શ્રીહરિ - શ્રીમદનમોહનજી મહારાજ - મંદિરે પધાર્યા. ૪૮

આચાર્ય મહારાજશ્રી શ્રી દેવકૃષ્ણભાઈના પુત્ર જાદવજીભાઈનો હાથ પકડીને હાથી ઉપરથી નીચે ઊતર્યા. ભક્તજનોએ તે સમયે ઊંચે અવાજે જયનાદ કર્યો. પછી સદ્‌ગુણોના નિધિ આચાર્ય મહારાજશ્રી મંદિરમાં દર્શન કરવા પ્રવેશ્યા. ૪૯

મંદિરમાં શ્રીરાધિકાજીની સાથે વિરાજમાન શ્રી મદનમોહનજી મહારાજના દર્શન કર્યા અને વસ્ત્ર આભૂષણોથી સુશોભિત પોતાના ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ



મહારાજની મૂર્તિના દર્શન પણ કર્યા, જે મૂર્તિ સાક્ષાત્ શ્રીહરિનું સ્મરણ થવાથી પ્રગલ્ભ-પ્રૌઢ પ્રતિભા સંપન્ન દેખાઈ હતી. ખૂબજ ભાવનાથી તેમનાં દર્શન કરીને ભેટના રૂપમાં ઘણી સોના મહોરો મૂકી. તેમનું મન શ્રીહરિનું ચિંતન કરવામાં લાગ્યું હતું છતાં આશ્રિત શિષ્યોને શીખવવા ખાતર તેમણે સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. ૫૦-૫૧

ત્યાં અપાર ભક્તિ ભાવવાળા વર્ણીરાજ શ્રી હરિવલ્લભાનંદજી પૂજારી ઊભા હતા. તેમણે દેવની પ્રસાદીનો સુંદર પુષ્પહાર આચાર્ય મહારાજશ્રીને પહેરાવ્યો અને પછી બે હાથ જોડયા, મસ્તક નમાવ્યું અને પ્રણામ કર્યા. ૫૨

આચાર્ય મહારાજશ્રી સભા મંડપમાં પધાર્યા. વરસાદ જેમ ખેતીના અનાજનું અને ઔષધ-વનસ્પતિઓનું પોષણ કરે છે તેમ સભામાં થોડી વાર રોકાઈ સત્સંગનું પોષણ કર્યું. પછી શ્રદ્ધા ભક્તિભાવવાળા સેવકોની સાથે પોતાના ત્રણ માળવાળા ઉતારાના ભવનમાં પધાર્યા. ૫૩

વિપ્રવર્ય શ્રી દેવકૃષ્ણભાઈ ઘણાજ ઉત્સાહી હતા. તેમણે પોતાના ઈષ્ટદેવ પધાર્યા હોય તેવી ભાવનાથી આચાર્ય મહારાજશ્રીને જમાડીને તૃપ્ત કર્યા. જે આચાર્યશ્રીએ ક્ષમા આદિ સદ્‌ગુણોને વશ કર્યા હતા આત્મસાત કર્યા હતા, તેમની આગળ દાસભાવે વર્તતા શ્રી દેવકૃષ્ણભાઈએ તેમની સેવા ખૂબજ હરખથી કરી હતી. ૫૪

આ ઉત્સવ પ્રસંગ ઉપર મહાન બુદ્ધિશાળી અને પવિત્ર ચારિત્ર્યવાળા ઘણા સંતો અને હરિભક્તો આવ્યા હતા, તે સહુ અતિશય ખુશ હતા અને આચાર્યશ્રીના ભક્ત હતા. ઉત્સાહ સંપન્ન તે બધા અનેક પ્રકારની વસ્તુઓ અર્પણ કરીને આચાર્ય મહારાજશ્રીની સેવા અત્યંત આદરભાવથી નિરંતર કરતા હતા. ૫૫

ધોલેરામાં પવિત્ર ધર્મમાર્ગે ચાલનારા મોટા રાજાઓ-દરબારો તથા ધનાઢ્ય ગૃહસ્થો આવ્યા હતા. હે બુધ ! તેમજ જગતમાં પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા, આવા નામે જે બે શાસ્ત્ર પ્રસિદ્ધ છે તેને સારા વિદ્વાન્ બ્રહ્મચારીઓ તથા મહાન્ સાધુઓ પણ આવ્યા હતા. ૫૬

શ્રી દેવકૃષ્ણભાઈ અજાતશત્રુ હતા. તેમણે સંતો, બ્રહ્મચારીઓ, પાર્ષદો, દરબારો, સામાન્ય ગૃહસ્થ હરિભક્તો અને આચાર્ય મહારાજશ્રી, એ સહુના ઉતારા રાજકુમારોને લાયક સુંદર રીતે કરાવ્યા અને સુસ્વાદુ સરસ રસોઈ જમાડીને સહુને તૃપ્ત કર્યા. ૫૭

(શ્રીઉન્મત્તગંગામાહાત્મ્ય અધ્યાય - ૮ - સમાપ્ત)

## અધ્યાય - ૯
## ધોલેરા બેઠકમાં ચરણારવિંદ પ્રતિષ્ઠાનો ઉત્સવ

શ્રી ત્ર્યંબકલાલભાઈએ કહ્યું, ધોલેરામાં રહેતા સંતો અને હરિભક્તો કે જેઓ આચાર્ય મહારાજની સેવામાં તત્પર રહેતા હતા, તે ભક્તિભાવથી પ્રસન્ન રહેતા સહુ સજ્જનોના નામ મને કહો. ૧

શ્રી અનંતાનંદસ્વામીએ કહ્યું, શ્રી દેવનંદનદાસજી સ્વામીની સાથે શ્રી વાસુદેવચરણદાસજી સ્વામી, શ્રી હરિબળદાસજી સ્વામી, શ્રી ભક્તિપ્રિયદાસજી સ્વામી, શ્રી ધર્મનંદનદાસજી સ્વામીની સાથે શ્રી હરિપ્રિયદાસજી સ્વામી અને શ્રી ધર્મકિશોરદાસજી સ્વામી, આ બધા સંતો આચાર્ય મહારાજશ્રીની સેવામાં હતા. ૨-૩

તે સિવાય બ્રહ્મચારીઓમાં મહાન્ બુદ્ધિશાળી શ્રી પતિતપાવનાનંદ સ્વામી સમય સમય પ્રમાણેની આચાર્ય મહારાજશ્રીની સેવા હરખથી કરતા હતા. અને વર્ણિરાજ શ્રીવાસુદેવાનંદ સ્વામી, શ્રી શાંતાનંદ સ્વામી તથા શ્રી ચૈતન્યાનંદ સ્વામી આદિ તેમની સેવા કરતા હતા. ૪-૫

તેમજ ઘણા વિચક્ષણ શ્રી લક્ષ્મીદાસ ભગત, શ્રી શંકર ભગત, શ્રી દેવજી ભગત અને શ્રી માવજી ભગત વગેરે પાર્ષદો પણ સેવા કરતા હતા. ૬

બ્રાહ્મણોમાં બે ઘેલાભાઈ, શ્રી છગનભાઈ, શ્રી શિવરામજી, શ્રી નરસિંહભાઈ, શ્રી માલજીભાઈ, શ્રી જયશંકરભાઈ અને શ્રી મહાશંકરભાઈ, આ બધા સેવામાં તત્પર રહ્યા હતા. હે સન્મતે ! ક્ષત્રિય હરિભક્તોમાં ઘણા



બુદ્ધિશાળી દરબાર શ્રી ભોજભાઈ મુખ્ય હતા. ૭-૮

તે સિવાય સારી સમજણવાળા દરબાર શ્રી માધવસિંહજી, સારા બુદ્ધિમાન શ્રી જિજાભાઈ, શ્રી ભોજભાઈના પૌત્ર શ્રી અમરસિંહજી, શ્રી ભગવતસિંહજી, શ્રી દેવીસિંહજી, શ્રી ફતેસિંહજી, શ્રી હરિસિંહજી, શ્રી જગાભાઈ, શ્રી નારસિંહજી, શ્રી અગરસિંહજી, શ્રી પ્રતાપસિંહજી, શ્રી શીવસિંહજી, શ્રી નાનભા. ૯-૧૧

વગેરે ક્ષત્રિય દરબારો આચાર્ય મહારાજની સેવામાં હતા. શ્રી ગગોશેઠ, શ્રી મૂળજીભાઈ, બે તલકસીભાઈ, વિચક્ષણ શ્રી હરિભાઈ, શ્રી બેચરજી, શ્રી રામચંદજી, શ્રી પુરુષોત્તમદાસ, શ્રી વીરચંદભાઈ તથા શ્રી હીરાચંદભાઈ વગેરે વણિક (વાણિયા) ભક્તો આચાર્ય મહારાજની સેવામાં હાજર રહ્યા હતા. તેમજ શ્રી બેચરદાસ, શ્રી પુરુષોત્તમદાસ, શ્રી કાલીદાસભાઈ, શ્રી ગીલાભાઈ, શ્રી લાલજીભાઈ, શ્રી ધનજીભાઈ તથા શ્રી હરજીવનભાઈ વગેરે ઠક્કર (લોહાણા) સત્સંગી ભક્તો સેવા કરતા હતા. ૧૨-૧૫

શ્રી લવજીભાઈ, શ્રી શંભુભાઈ, શ્રી હેમાભાઈ અને શ્રી લલ્લુભાઈ વગેરે પટેલો આચાર્ય મહારાજની સેવા કરતા હતા. ૧૬

શ્રી રઘુનાથજી, શ્રી કલ્યાણભાઈ, શ્રી મેઘજીભાઈ, શ્રી માવજીભાઈ, શ્રી ઘેલાભાઈ, શ્રી જેઠાભાઈ, શ્રી નાગજીભાઈ અને શ્રી ખુશાલભાઈ વગેરે સુથાર હરિભક્તો તથા શ્રી કરસનભાઈ, શ્રી નથુભાઈ, શ્રી જવાહરભાઈ, શ્રી વિઠ્ઠલભાઈ, શ્રી હમીરભાઈ અને શ્રી ધનજીભાઈ વગેરે દરજી હરિભક્તો પણ આચાર્ય મહારાજશ્રીની સેવા કરતા હતા. ૧૭-૧૮

શ્રી દેવકૃષ્ણભાઈએ બોલાવેલા અને કર્મકાંડમાં અતિ નિપુણ એવા અનેક બ્રાહ્મણો દેશાવરમાંથી ધોલેરા આવ્યા. ૧૯

શ્રી હરિપ્રસાદભાઈ વગેરે ઉમરેઠના બ્રાહ્મણો અને શ્રી દેવકૃષ્ણભાઈની સાથે રહેતા શ્રી આશારામભાઈ શુક્લ વગેરે સહુ બ્રાહ્મણોની સૂચના મુજબ શ્રી દેવકૃષ્ણભાઈએ તે નવા ભવ્ય મંદિરની પાસે યોગ્ય સ્થળમાં શાસ્ત્ર પ્રમાણે સરસ મંડપ કરાવ્યો. ૨૦-૨૧

મંગળમય મંડપમાં કેળના સ્તંભ રોપ્યા. તેને ચાર દ્વાર કર્યા હતા તથા ફૂલહાર અને આસોપાલવ વગેરેના નવા પંચ પલ્લવોથી તેને શોભાડ્યો. તેમાં સોનાના કળશ સ્થાપ્યા હતા અને તેમાં રંગબેરંગી તોરણ બાંધ્યા હતા. ૨૨

પછી ચાર વેદો અને તેના છ અંગોના પારંગત કર્મકાંડમાં કુશળ આવા ધર્મનિષ્ઠ વિદ્વાનોનું શુભ મુહૂર્તમાં યજ્ઞમાં વરણ કર્યું. અર્થાત તેના કાંડા બાંધ્યા. ૨૩

હે ધીમન્ ! પછી તે મંડપમાં વિધિના નિષ્ણાત બ્રાહ્મણોએ શાસ્ત્રાનુસારે મેખલાવાળો યજ્ઞ કુંડ કરાવ્યો. ૨૪

તે વિપ્રોએ મંડપમાં વેદિકા ઉપર યોગ્ય રીતે શ્રીહરિની મૂર્તિ પધરાવી. પછી શ્રીગણપતિજી વગેરે દેવતાઓનું પણ સ્થાપન કર્યું. ૨૫

વેદોમાં કહેલા નિયમ પ્રમાણે બ્રાહ્મણોએ વિઘ્નોના નિવારણ માટે અનેક વસ્તુ-પદાર્થોથી પ્રસન્ન મને દેવતાઓનું પૂજન કર્યું. ૨૬

તે વિચક્ષણ વિપ્રોએ વર્ણ તથા સ્વર પ્રમાણે વેદ મંત્રો બોલીને વૈદિક વિધાનને અનુસારે હોમ કર્યો. ૨૭

હે ધિમન્ ! તે મહોત્સવમાં મનોહર અને મંગળમય જાત જાતના વાજિંત્રો ચોતરફ સતત વાગતા હતા. ૨૮

મેઘના ગંભીર અને ધીર ધ્વની જેવો અને હૃદય તથા કાનને સુખ થાય તેવો એ મહાન્ ધ્વનિ સહુ સાંભળનારાને આનંદ આપતો હતો. ૨૯

કેટલાક ગાયકો આનંદોત્સાહથી અનેક પ્રકારના વાજિંત્ર વગાડીને અત્યંત પવિત્ર કીર્તનના પદો ગાતા હતા. ૩૦

આના પહેલા ગઢપુર-લક્ષ્મીવાડીના મંદિરમાં જ્યારે શ્રીહરિના ચરણારવિંદ પધરાવ્યા અને ત્યારે દેવતાઓને જેવો આનંદ થયો હતો તેવો આનંદ આ વખતે



પણ થયો. ૩૧

હે વિપ્ર ! આ સમયે દેવતાઓ આનંદ આવેશમાં આવી ગયા. સ્ત્રીઓને સાથે લઈને પોતપોતાના વિમાનમાં બેઠા. અનેક વસ્તુ પદાર્થો લઈને ઉત્સવમાં આવી પહોંચ્યા. ૩૨

મનમાં આનંદ અનુભવતા દેવોએ મહોત્સવમાં સ્થળ ઉપર ચંદન તથા પુષ્પોની વૃષ્ટિ કરી. દેવીઓ નાચવા લાગી અને ગંધર્વોએ શુભ ગાયન કર્યું. ૩૩

પૂર્વે પુષ્કર ક્ષેત્રમાં બ્રહ્માજીએ પોતાના યજ્ઞમાં સ્વયં અધ્વર્યુ બનીને હોમ કર્યો હતો તેમ આ યજ્ઞમાં વિપ્રો હોમ કરતા હતા ત્યારે પણ ખુદ બ્રહ્માજી અધ્વર્યુ થયા હોય ને શું ? તેમ લાગતું હતું. ૩૪

ભગવત્સ્વરૂપમાં પ્રેમથી લીન રહેતા શંકરે હાથે ડમરુ લીધું અને આનંદના આવેગમાં તાંડવ નૃત્ય કરવા લાગ્યા. ૩૫

વૈકુંઠ અને ગોલોક ધામમાં રહેનારા કે અક્ષરધામમાં રહેતા દર્શનીય બધા મુક્તો આ મહોત્સવમાં ધોલેરા પધાર્યા હતા. ૩૬

હે ધીમન્ ! હર્ષ અનુભવતા આચાર્ય મહારાજશ્રીએ સાક્ષાત્ શ્રીહરિના બન્ને ચરણારવિંદને સં. ૧૯૩૮ના આસો સુદિ-૧૫ના રોજ પધરાવ્યા, તે એવો સમય હતો કે જે નિરંતર સંભારી રાખવા લાયક હતો. ૩૭

સારાય આરસમાં કોતરેલા તથા સોળચિહ્નોથી યુક્ત મનોહર શ્રીહરિના બન્ને ચરણારવિંદના દર્શન કરીને બધાજ ભક્તો ખૂબજ આનંદિત થયા. ૩૮

ગિરનાર પર્વત ઉપર રહેલા દત્તાત્રેયના ચરણારવિંદ દર્શનીય છે, જેના દર્શન કરવા સહુ લોકો જાય છે, પણ હું માનું છું કે આ પધરાવેલા શ્રીહરિના ચરણારવિંદ તો તેના કરતાં પણ ઘણા શ્રેષ્ઠ છે. ૩૯

ગઢપુરની લક્ષ્મીવાડીમાં શ્રીહરિના જે બે ચરણારવિંદ પધરાવ્યા છે તેના જેવાજ આ ચરણારવિંદ પણ મનોહર છે અને દર્શન કરનાર લોકોને મોક્ષ આપનારા છે. ૪૦

ચરણારવિંદની સ્થાપના થઈ ત્યારે મંગળકારી વાજિંત્રોનો ઘણો મોટો ધ્વનિ થઈ રહ્યો હતો. તથા સમગ્ર ભક્તોએ ઊંચે અવાજે કરેલો જયનાદ પણ ખૂબ મોટો સંભળાતો હતો. ૪૧

હે આયુષ્યમન્ ! અત્યંત સુંદર અને મંગળમય તે મહોત્સવના દર્શન કરીને ભક્ત સમુદાય ખૂબજ આનંદિત થયો અને વિસ્મય પામ્યો. ૪૨

હે વિદ્વાન્ ! શ્રી દેવકૃષ્ણભાઈએ મંદિરમાં વિરાજમાન શ્રીમદનમોહનજી મહારાજ વગેરે ભગવત સ્વરૂપના થાળમાં ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય, આમ ચાર પ્રકારના ભોજન કરાવવા માટે હરખથી સંપૂર્ણ સીધું આપ્યું. ૪૩

ઘણા કીમતી સારા વસ્ત્ર, રત્ન જડિત સોનાના અને મોતીના ઘરેણાઓ ભગવાનને અર્પણ કર્યા તેમજ ચંદન તથા ફૂલહાર વગેરેની સેવા પણ સારી કરી. ૪૪

ઉદારમનવાળા શ્રી દેવકૃષ્ણભાઈએ સારી રસોઈ કરાવીને ઘણા બ્રાહ્મણોને જમાડીને તૃપ્ત કર્યા અને પ્રસન્ન મનથી તેમને પુષ્કળ દક્ષિણાઓ પણ આપી. ૪૫

સુબુદ્ધિમાન તેઓએ તે બધાજ ગૃહસ્થ હરિભક્તોને તથા ત્યાગી સંતો વગેરેને અનેક પ્રકારની સારી રસોઈ જમાડીને તૃપ્ત કર્યા હતા. ૪૬

વિશાળ દિલના શ્રી દેવકૃષ્ણભાઈએ ત્યાં આવેલા બીજા બધા અન્નાર્થીઓને પણ પ્રસન્ન મને સારી રસોઈ જમાડી તૃપ્ત કર્યા હતા. ૪૭

તે ભવ્ય મહોત્સવમાં "જમોજા "જમોજા અને "આપોજા "આપોજા આવો એક સરખો એકજ શબ્દ ઉચ્ચારાતો હતો. ૪૮

પછી વિપ્ર શ્રી દેવકૃષ્ણભાઈએ પોતાના આચાર્ય મહારાજશ્રી, સંતો, બ્રહ્મચારીઓ તથા પાર્ષદો સહુની સારી રીતે પૂજા કરી. ૪૯

પૂર્વે વર્ણી જડભરતે રહુગણ રાજાને સદ્ઉપદેશ આપીને કલ્યાણને માર્ગે વાળ્યા હતા, તેમ શ્રી દેવકૃષ્ણભાઈએ પણ દરબાર શ્રી રાયસિંહજીને પણ

મંગળમય કલ્યાણને માર્ગે ચડાવ્યા. ૫૦

શ્રી ત્ર્યંબકલાલભાઈએ પૂછ્યું, મહાન્ બુદ્ધિશાળી શ્રીદેવકૃષ્ણભાઈએ આચાર્ય મહારાજશ્રીની, સંતોની તથા બ્રહ્મચારીઓની ભવ્ય પૂજા કેવી કરી હતી? અને અત્યંત મનોહર, સુખપ્રદ અને રમ્ય સભા કેવી થઈ હતી? કે જેમાં આવીને દરબાર શ્રી રાયસિંહજી કલ્યાણને માર્ગે ચડ્યા. ૫૧

હે બ્રહ્મન્ ! લોકોને શાંતિ આપનાર, પાપપુંજનો નાશ કરનાર અને મનોહર આવું તે બધું જ વૃત્તાંત મને કહો, કારણ કે શુકદેવજીના સમાન બ્રહ્મચારી શ્રી આનંદાનંદજીએ પરીક્ષિત રાજા જેવા દરબાર શ્રીરાયસિંહજીને જન્મમરણરૂપ સંસારનો નાશ કરનારા અદ્‌ભુત જ્ઞાનનો ઉપદેશ કર્યો હતો. ૫૨

શ્રી અનંતાનંદસ્વામીએ કહ્યું, હે ધીમન્ ! તે પછી દર્શનમાત્રથી જ સુખ આપનારી આવી એક દિવ્ય સભા ભરાણી. તેની વચ્ચે પાટ ઉપર બિછાવેલા સુંદર આસન ઉપર આચાર્ય મહારાજ શ્રી વિહારીલાલજી મહારાજ વિરાજમાન થયા. ૫૩

શ્રી અદ્‌ભુતાનંદસ્વામી અને શ્રી વાસુદેવાનંદ સ્વામી, ઈત્યાદિ સાધુઓ, શ્રી પતિતપાવનાનંદ સ્વામી વગેરે મુખ્ય બ્રહ્મચારીઓ, શ્રી લક્ષ્મીદાસ ભગત આદિ પાર્ષદો, દરબાર શ્રી ભોજભાઈ આદિ ગૃહસ્થો અને દરબાર શ્રી રાયસિંહજી, એ સહુ તે સભામાં આવીને યથોચિત રીતે બેઠા. ૫૪-૫૫

ત્યારે શ્રી દેવકૃષ્ણભાઈ હર્ષપૂર્ણ હૃદયથી આચાર્ય મહારાજ વગેરે સહુની પૂજા કરવા માટે ઊભા થયા. અતિશય રમણીય અને ઘણા મોંઘામૂલા ઘરેણાં, વસ્ત્ર, કુંકુમ, કસ્તૂરી અને કેસર મિશ્રિત ચંદન, અનેક પ્રકારના સુગંધી ફૂલોના હાર, બાજુબંધ, તોરા, ભવ્ય કાનો ઉપર ગુચ્છો, ઋતુના તાજા પાકાં અને સ્વાદિષ્ટ ફળ નૈવેધ, ધૂપ, દીપ અને અનેક પ્રકારના-ભાતભાતના ઉપચારો લઈને અપાર પ્રેમ તથા શ્રદ્ધાથી તેમણે પ્રથમ તો આચાર્ય મહારાજશ્રીની પૂજા કરી. ૫૬-૫૮

ભક્તરાજ શ્રીદેવકૃષ્ણભાઈએ બ્રહ્મચારીઓ, સાધુઓ તથા પાર્ષદોની પૂજા પણ ખૂબજ હરખથી કરી. ૫૯

તે વખતે ત્યાં ઉપસ્થિત રહેલા અનેક પ્રદેશના સહુ હરિભક્તોએ શ્રી મદનમોહનજી મહારાજ આદિ ભગવત્સ્વરૂપોની સેવામાં થાળ કરવા શુદ્ધ સીધું સામગ્રી પ્રેમથી અર્પણ કર્યું. તેમજ ઘણા કીમતી વસ્ત્ર રત્નજડિત



સોનાના ઘરેણાં અને સારા પુષ્પહાર આદિ પ્રસન્ન મનથી અર્પણ કરીને સારા પ્રમાણમાં દેવ સેવા કરી. તે પ્રમાણે જ તેમણે અમૃત જેવા સ્વાદુ સરસ સુંદર ભોજન તૈયાર કરાવીને સાધુ-બ્રહ્મચારી, સહુને આદર ભાવથી જમાડીને તૃપ્ત કર્યા. ૬૦-૬૨

પછી તે હરિભક્તોએ રત્નજડિત સોનાના કીંમતી આભૂષણો, મોંઘામૂલા વસ્ત્રો અને રોકડા રૂપિયા વગેરે આદરભાવથી અર્પણ કરીને આચાર્ય મહારાજશ્રીની પૂજા કરી. ૬૩

તેવી જ રીતે તેમણે સારા નવા વસ્ત્ર, ચંદન, સુગંધી પુષ્પહાર, ઈત્યાદિ ઉપચારોથી સંતો વગેરેની પૂજા પણ યથોચિત રીતે કરી. ૬૪

સ્વધર્મમાં નિષ્ઠાવાળા તે સમગ્ર હરિભક્તો વિશાળ અને ભવ્ય મહોત્સવના દર્શન કરીને ખૂબજ રાજી થયા હતા. તેઓએ શ્રી મદનમોહનજી મહારાજ આદિ ભગવત્સ્વરૂપોને, આચાર્ય મહારાજશ્રીને અને સંત મંડળ સર્વને પ્રણામ કર્યા. પછી કષ્ટહર ભગવાન શ્રીહરિનું હૃદયમાં સ્મરણ કરતા કરતા તેઓ સહુ પોતપોતાના દેશ-ગામોમાં ગયા. ૬૫

શ્રીદેવકૃષ્ણભાઈનું શીલ અને સ્વભાવ અતિ ઈચ્છવા યોગ્ય હતા. તેઓ પરોપકાર પરાયણ, અત્યંત ધીરજવાળા અને ભક્ત સમૂહમાં મુખ્ય હતા. તેમણે આગળ વર્ણવ્યા પ્રમાણે લોક સુખકારી ભવ્ય અને દિવ્ય મહોત્સવ કરાવ્યો હતો. ૬૬

બ્રાહ્મણ શ્રેષ્ઠ શ્રી દેવકૃષ્ણભાઈનો ચરણારવિંદની પ્રતિષ્ઠા કરવાનો સંકલ્પ મહાસાગર તરવા જેવો કઠણ હતો પણ પૂર્વે ધર્મરાજ યુધિષ્ઠિર શ્રીકૃષ્ણ ભગવાનની મદદથી શ્રેષ્ઠ રાજસૂય યજ્ઞની પૂર્ણતારૂપ મહાસાગરના પારને પામ્યા હતા. તેમજ શ્રી દેવકૃષ્ણભાઈ પણ આચાર્ય મહારાજશ્રીની કૃપાથી આ કાર્યના પારને પામ્યા હતા. ૬૭

(શ્રીઉન્મત્તગંગામાહાત્મ્ય અધ્યાય - ૯ - સમાપ્ત)



મારું નામ પટેલ હંસાબેન રમણલાલ વડોદરા વતન પેટલાદ તાલુકાનું ગામ, ધર્મના સંસ્કાર પિતાજી પાસેથી મળેલા. આખો પરિવાર પૂજા,પાઠ,ભજન,કીર્તન, મંદિર જવું વગેરે પ્રવૃતિમાં રહેતો. હાલ હું અમેરિકામાં વસું છું. જૂન-૨૦૧૬થી માથુ દુઃખવાની શરૂઆત થઈ પહેલા બે માસ માથું દુઃખવા લાગ્યું પછી માથામાં કોલસો બળે તેવું થાય. માથામાં ઠડું પાણી રેડું છતાં પીડા એ જ પછી બરફના ટુકડા મૂકવા લાગી. દાકતર પાસે ચેકપમા વારંવાર જવા લાગી. હાઈ.બી.પી. દવાની ગોળીઓ વધવા લાગી. પછી બ્લડ રિપોર્ટ કરાવ્યો. પ્રથમ રિપોર્ટ કરાવ્યો. તેમાં સીડેરેટ મારે ૩૦ જોઈએ મારા રિપોર્ટમાં ત્રણ ઘણા ૯૦ આવ્યા. શરીરમાં રેડ કણ નીચે બેઠા ફરીથી ૧૫ દિવસ બાદ બ્લડ રિપોર્ટ કરાવ્યા, તેમાં પણ ૮૮ આવ્યા. ખતરાની ઘંટડી વાગી ચુકી. દાકતરે માથામાં સી.ટી.સ્કેન કરી જરૂર પડે ટીસ્યુ લઈ કેન્સરનું નિદાન ચેક કરવા વિચાર્યું પછી તે પણ કર્યું. કોઈ

"જય શ્રી સ્વામિનારાયણ"

# કેન્સર કેન્સલ થયું. સત્ય ઘટના

ફેરફાર નહીં માથાની બળતરા વધી, છેવટે દાકતરે કેન્સરની હોસ્પિટલમાં ચેકીંગ કરવા તારીખ આપી. મારી પાસે ૨૫ દિવસ હતા. ઘરના બધા ચિંતાતુર હતા, મને બધા સાચવતા હતા. પણ મેં વિચાર્યું. ભક્તિમાં શક્તિ વિશ્વાસે વહાણ તરે, ભગવાન સમક્ષ ઉભા રહી ૧૧૫૦૦ માળાનો નિયમ લીધો. આ પૂરી કરવા રોજ ૫૦૦ માળા કરવી પડે મન મક્કમ રોજ ભગવાનની મૂર્તિ સમક્ષ બેસી માળા શરૂ કરી. શરૂમાં મન એકાગ્ર કરવામાં તકલીફ પડી. શ્રધ્ધા પૂર્વક રોજ ૬ કલાકનો સમય કાઢી ૨૫ દિવસમાં પૂરી કરી. કેન્સર હોસ્પિટલ જવાનો સમય આવ્યો. નાહીં ધોઈ ભગવાન પાસે ઉભા રહી પ્રાર્થના કરી, મહારાજ મારી આગળ ચાલો, તમારો નિર્ણય મને મંજુર છે. દાકતરે તપાસ કરતા પહેલા બ્લડ રિપોર્ટ જોયા. ભગવાન બચાવે પ્રાર્થના કરો. મારા શરીરની ચકાસણી કરી પછી નવ બ્લડ ટેસ્ટ કરવા લોહી લીધું. ઘેર પાછા આવ્યા, મહારાજને પ્રાર્થના કરી કેન્સર જેવા રોગમાં રીબાવું નથી. તમે જ મારા છો, હું તમારી છું, બે દિવસ પછી લોહીના રિપોર્ટ આવ્યા. મારા સીડ રેટ ૯૦ હતા તે ઘટીને ફક્ત (સાત) ૭ આવ્યા. દાકતરે ફોનમાં જણાવ્યું તમે કેન્સરના ખતરાથી ઘણા દૂર છો. ફરીથી અહીં આવવાની જરૂર નથી. હું હરખથી ખુશીના આંસુ સાથે ઘનશ્યામ મહારાજ સમક્ષ ઉભી રહી. આસું પાડવા લાગી. મને ભાસ થયો કે ઘનશ્યામ મહારાજ પણ હસતા હતા. મારા નસીબમાં જો કેન્સર હોત તો ભારત આવવાનું શક્ય જ ન હોતું. મારું મન વડતાલ દર્શન માટે તડપવા લાગ્યું. હું આવી પહોંચી. મારી ઈચ્છા શ્રી લક્ષ્મીનારાયણ દેવને હાર પહેરાવવાની થઈ. હાર લીધો. મને અમરભાઈનો ભેટો ઘનશ્યામ મહારાજની કૃપાથી થયો. રૂબરૂ હાર પહેરાવ્યો. મેં દર્શન કર્યા. મે જે શાંતિ અનુભવી તેનું વર્ણન થઈ શકે તેમ નથી. આજે હું તદ્દન તંદુરસ્ત છું મારી ભગવાન પ્રત્યેની શ્રધ્ધા વધી. આ સત્ય હકીકત છે. જય શ્રી સ્વામિનારાયણ.

**નોંધ : વડતાલધામ સાથે જોડાયેલા ભક્તોએ આવા સત્ય અનુભવો વ્યવસ્થિત એક પેજમાં લખાણ કરીને માસિક કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી. તંત્રીશ્રી**

# સત્સંગ સમાચાર



જલગાંવ (મહારાષ્ટ્ર) મુકામે પ.પૂ.પી.પી.સ્વામીના માર્ગદર્શન હેઠળ નૂતન મંદિર નિર્માણની મુલાકાતે વડતાલ મંદિરના મુખ્ય કોઠારીશ્રી



પાડળશા (મહારાષ્ટ્ર) મુકામે પ.પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત પ.પૂ.શા.શ્રી હરિપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે કથાપારાયણ



સાંઘવી (મહારાષ્ટ્ર) મુકામે પ.પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત પ.પૂ.શા.શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી (જલગાંવ)ના વક્તાપદે આયોજીત કથાપારાયણ. તા.૪ થી ૧૦/૧/૨૦૧૭





બામણોદ (મહારાષ્ટ્ર) મુકામે પ.પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત પ.પૂ.શા.શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી (જલગાંવ)ના વક્તાપદે કથાપારાયણમાં ઉપસ્થિત પ.પૂ.સ.ગુ.શ્રી ગોવિંદપ્રસાદ સ્વામી - જલગાંવ તથા પૂ.સંતો



જલગાંવ (મહારાષ્ટ્ર) મુકામે પ.પૂ.વિશ્વપ્રકાશદાસજી સ્વામી - સાવદાના વક્તાપદે આયોજીત કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.સ.ગુ.શા.શ્રી ધર્મપ્રસાદદાસજી સ્વામી તા.૧૩ થી ૧૯ /૨/૨૦૧૭







પ.પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત બામણોદ (મહારાષ્ટ્ર) થી બુરહાનપુર (મધ્યપ્રદેશ) પદયાત્રામાં જોડાયેલ સંતો ભક્તો. તા.૧૧ થી ૧૨ /૧/૨૦૧૭





પીપલગ (નડિયાદ) મુકામે શ્રી જીગરભાઈ પટેલના લગ્ન નિમીતે પધરામણી કરતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.ગોવિંદ સ્વામી-મેતપુર, પૂ.પવન સ્વામી-કલાલી, પૂ.જગત સ્વામી - ઘાટકોપર તા.૧૧/૧/૨૦૧૭



કોરપાવલી (મહારાષ્ટ્ર) મુકામે પ.પૂ.શા.શ્રી ભક્તિસ્વરૂપદાસજી તથા શા.શ્રી અનંતપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે આયોજીત કથાપારાયણમાં ઉપસ્થિત પૂ.સંતો-ભક્તો તા.૩૧/૧ થી ૮/૨/૨૦૧૭







નાનાકલોદરા (ખંભાત) મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી ગોવિંદપ્રસાદદાસજી સ્વામી દ્વારા આયોજીત ૧૪ મા પાટોત્સવ પ્રસંગે કથાપારાયણમાં ઉપસ્થિત પ.પૂ.લાલજી મહારાજશ્રી,વક્તાશ્રી પ.પૂ.શા.શ્રી સત્યપ્રકાશદાસજી સ્વામી, આ.કો.શ્રી સંતસ્વામી, પૂ.ધર્મસ્વરૂપ સ્વામી - ભુસાવળ, પૂ.શ્યામ સ્વામી, પૂ.નારાયણચરણ સ્વામી - બુધેજ, પૂ.ધર્મનંદન સ્વામી - સંઘાણા તા.૨૨ થી ૨૮/૧/૨૦૧૭





**સરભાણ (આમોદ)** મુકામે પ.પૂ.સ.ગુ.શા.શ્રી ઘનશ્યામપ્રકાશદસાજી સ્વામી - મુ.કો.શ્રી - વડતાલની પ્રેરણાથી દ્વિતિય પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સુવ્રતસ્વામી, પૂ.વિવેક સ્વામી, યજમાન પરિવાર તથા સત્સંગ સમાજ **તા.૨૮ થી ૩૦/૧/૨૦૧૭**





**સેવાલીયા** મુકામે સત્સંગ સમાજ દ્વારા ૯ મા પાટોત્સવ પ્રસંગે આયોજીત કથાપારાયણમાં ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.દેવકૃષ્ણદાસજી સ્વામી - રાજકોટ, પૂ.નૌતમ સ્વામી - વડતાલ, પૂ.વિષ્ણુપ્રકાશ સ્વામી - અથાણાવાળા, વક્તાશ્રી પૂ.મંગલસ્વરૂપ સ્વામી, પૂ.ચૈતન્યસ્વરૂપ સ્વામી, પૂ.આનંદ સ્વામી - જુનાગઢવાળા તથા ભક્ત સમુદાય **તા.૩૧/૧ થી ૬/૨/૨૦૧૭**






**નડીયાદ** મુકામે સાખલા પરિવાર દ્વારા આયોજીત નૂતન નિવાસ શ્રીજી વિહારના ઉદ્દઘાટન પ્રસંગે યજ્ઞ-સભામાં ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.ગોવિંદ સ્વામી - મેતપુર, પૂ.સત્સંગભૂષણ સ્વામી - કણભા, પૂ.ધર્મજીવન સ્વામી - વડતાલ, પૂ.વિજયપ્રકાશ સ્વામી - ડાકોર **તા.૨/૨/૨૦૧૭**




**વડતાલ** મુકામે અ.નિ.મનુભાઈ ચંદુભાઈ પટેલ પરિવાર દ્વારા આયોજીત શ્રી અશ્વિનકુમાર પાઠકના સ્વમુખે સુંદરકાંડ પ્રસંગે ઉપસ્થિત પૂ.નૌતમ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.શ્યામ સ્વામી, શ્રી પંકજભાઈ દેસાઈ (દંડકશ્રી ગુજરાત વિધાનસભા) **તા.૪/૨/૨૦૧૭**



**માણેકપુર (વલસાડ)**મુકામે પ.પૂ.ભક્તિપ્રસાદદાસજી સ્વામી દ્વારા આયોજીત ૧૧ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.કે.એન.સ્વામી, પૂ.જયેન્દ્ર સ્વામી, પૂ.ઋષિકેશ સ્વામી - ચાણોદ, પૂ.દિવ્ય સ્વામી - નારગોલ,પૂ.ચંદ્રપ્રકાશ સ્વામી -વડતાલ **તા.૯/૨/૨૦૧૭**






**એકતાનગર નાપા તળપદ** મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી વાસુદેવપ્રસાદદાસજી સ્વામી (નાહિયેર) દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, વક્તાશ્રી પૂ.કેશવ સ્વામી તથા ભક્ત સમુદાય **તા.૫ થી ૯/૨/૨૦૧૭**



**આણંદ** મુકામે પ.પૂ.શા.શ્રી સત્સંગભૂષણ સ્વામી દ્વારા આયોજીત સહજાનંદ સ્મૃતિ મંદિરના પાંચ મા પાટોત્સવ પ્રસંગે અભિષેક-આરતી-સભામાં લાભ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.મુની સ્વામી, પૂ.ન્યાલકરણ સ્વામી, પૂ.આનંદ સ્વામી - વડીયા વગેરે સંતો તથા ભક્તજનો **તા.૫/૨/૨૦૧૭**



**સાવરકુંડલા** મુકામે હરિભક્તોને ઘરે પધરામણીનો લાભ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.કિર્તન સ્વામી-ભાવનગર, પૂ.હરિચરણ સ્વામી **તા.૮/૨/૨૦૧૭**



**બામરોલી (વસો)** મુકામે પ.પૂ.શા.શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામી દ્વારા આયોજીત રજતજયંતિ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, વક્તાશ્રી પૂ.પ્રિયદર્શન સ્વામી, યજમાન પરિવાર તથા ભક્ત સમુદાય **તા.૯ થી ૧૫/૨/૨૦૧૭**



**વાસદ** મુકામે પ.પૂ.કે.કે.શાસ્ત્રી સ્વામી દ્વારા આયોજીત ૨૩ મા પાટોત્સવ - ૧૯ સમૂહલગ્ન પ્રસંગે ઉપસ્થિત પૂ.બાલકૃષ્ણ સ્વામી - મેતપુર, પૂ.જગતપાવન સ્વામી - વડોદરા, પૂ.નારાયણચરણ સ્વામી - બુધેજ **તા.૯/૨/૨૦૧૭**



**વડતાલધામ** મુકામે સાં.યો.શ્રી દુધીબાની પ્રેરણાથી શ્રી હરેશભાઈ અશોકભાઈ ઝવેરીના યજમાનપદે યજ્ઞ પૂર્ણાહૂતિ પ્રસંગે ચેરમેનશ્રી પૂ.દેવસ્વામી, આ.કો.શ્રી સંતસ્વામી, પૂ.શ્યામ સ્વામી, પૂ.પવિત્ર સ્વામી તથા યજમાન પરિવાર **તા.૧૧/૨/૨૦૧૭**



**સંધાણા (નડિયાદ)** મુકામે હરિભક્તોના ઘરે પધરામણીનો લાભ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તા.૧૦/૨/૨૦૧૭




**મિત્રાલ (નડીયાદ)**મુકામે શ્રી ભાસ્કરભાઈ પટેલના સુપુત્રના લગ્ન પ્રસંગે આશીર્વાદ આપતા આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.શ્યામ સ્વામી, પૂ.સંત સ્વામી-અથાણાવાળા તથા સમગ્ર પરિવાર **તા.૧૩/૨/૨૦૧૭**




**વડતાલધામ** મુકામે શિવરાત્રી પર્વ પ્રસંગે શ્રી મહાદેવનું પૂજન કરતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.પૂર્ણ સ્વામી, પૂ.શ્યામ સ્વામી તથા વડતાલ યુવક મંડળ **તા.૨૪/૨/૨૦૧૭**





**ફૈજપુરા (મહારાષ્ટ્ર)** મુકામે સત્સંગ સમાજ દ્વારા આયોજીત પ.પૂ.શા.શ્રી ધર્મપ્રસાદદાસજી સ્વામીના ૮૦ વર્ષ પૂર્ણ થતાં સહસ્રચંદ્ર દર્શન મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.જ્ઞાનપ્રકાશ સ્વામી - ગાંધીનગર, ૮૦ સંતો - પાર્ષદો સાથે ઉપસ્થિત પૂ.જ્ઞાનજીવન સ્વામી - કુંડળધામ, પૂ.નૌતમસ્વામી - વડતાલ, પૂ.ભક્તિપ્રકાશ સ્વામી - સાવદા, પૂ.વાસુદેવ સ્વામી, પૂ.ઘનશ્યામસ્વામી, પૂ.દેવસ્વરૂપ સ્વામી, પૂ.ધર્મસ્વરૂપ સ્વામી - સાવદા વગેરે સંતો તથા ભક્તો **તા.૧૧/૨/૨૦૧૭**




**વાઠવાડી (મહુધા)** મુકામે પ.પૂ.શ્રી ઘનશ્યામપ્રસાદ સ્વામી - સાળંગપુરવાળાની પ્રેરણાથી નૂતન મંદિર ખાતમૂર્હત પ્રસંગે ઉપસ્થિત આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.મુની સ્વામી, પૂ.શ્રીવલ્લભ સ્વામી, પૂ.સૂર્યપ્રકાશ સ્વામી વગેરે સંતો તથા ભક્તો **તા.૧૧/૨/૨૦૧૭**



**નાસીક (મહારાષ્ટ્ર)**મુકામે પ.પૂ.ધર્મસ્વરૂપદાસજી સ્વામીની પ્રેણાથી આયોજીત કથાપારાયણ પ્રસંગે વક્તાશ્રી પૂ.ભક્તિકેશવદાસજી સ્વામી, પૂ.સંતો **તા.૧૨ થી ૧૮/૨/૨૦૧૭**




**આણંદ** મુકામે શ્રીહરિનાથ ઝા દ્વારા આયોજીત આયુર્વેદિક કોન્ફરન્સ પ્રસંગે ઉપસ્થિત આ.કો.શ્રી સંત સ્વામી તથા વૈદ્યરાજશ્રીઓ **તા.૧૨/૨/૨૦૧૭**



**ચિખલી ચાવલ (મહારાષ્ટ્ર)**મુકામે પ.પૂ.પી.પી.સ્વામી - જલગાંવ દ્વારા આયોજીત કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પૂ.હરિપ્રકાશ સ્વામી -જલગાંવ, પૂ.ધર્મસ્વરૂપ સ્વામી - ભુસાવળ વગેરે સંતો **તા.૨૧ થી ૨૭/૨/૨૦૧૭**





**કૌકા (ધોળકા)**મુકામે પ.પૂ.પુરૂષોત્તમ સ્વામી (વારળા) દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, વક્તાશ્રી પૂ.હરિપ્રકાશ સ્વામી - અથાણાવાળા, પૂ.શુકદેવસ્વામી - નાર, પૂ.હરિકેશવ સ્વામી - ધોલેરા, પૂ.બળદેવ સ્વામી - ડભાણ **તા.૧૪ થી ૧૬/૨/૨૦૧૭**



**જેતપુર** મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી નિલકંઠચરણદાસજી સ્વામી દ્વારા આયોજીત ૭૮ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત ચેરમેનશ્રી પૂ.દેવસ્વામી, પૂ.પ્રેમપ્રકાશ સ્વામી, યજમાન પરિવાર તથા ભક્ત સમુદાય **તા.૧૭/૨/૨૦૧૭**



**અંક્લેશ્વર** મુકામે શ્રી જયદિપભાઈ પટેલના નૂતન નિવાસના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી - મુખ્યકોઠારીશ્રી - વડતાલ, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.શ્યામ સ્વામી, પૂ.વિવેક સ્વામી **તા.૧૭ થી ૧૯/૨/૨૦૧૭**



**ભાવનગર** મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી લક્ષ્મીનારાયણદાસજી સ્વામી દ્વારા આયોજીત ૪૫ મા પાટોત્સવ નિમીતે જળયાત્રા-અભિષેક-અન્નકુટ પ્રસંગે ઉપસ્થિત પૂ.કિર્તન સ્વામી, યજમાન પરિવાર તથા ભક્ત સમુદાય **તા.૧૮/૨/૨૦૧૭**



**વાપી** મુકામે હરિભક્તોના ઘરે પધરામણી પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.કેશવચરણ સ્વામી-વાપી, પૂ.ભાનુપ્રકાશ સ્વામી - પોરબંદર, પૂ.શ્યામ સ્વામી, પૂ.માધવ સ્વામી - વડતાલ તા.૧૮/૨/૨૦૧૭




**મેઘવા (આણંદ)** મુકામે પ.પૂ.શા.શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામી દ્વારા આયોજીત ભવ્ય શાકોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.લાલજી મહારાજશ્રી,પૂ.પ્રિયદર્શન સ્વામી, પૂ.ધર્મનંદન સ્વામી - સંધાણા તથા ભક્તજનો **તા.૧૮/૨/૨૦૧૭**



**સુરત કામરેજ** મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી ઘનશ્યામપ્રસાદદાસજી સ્વામી - સાળંગપુરવાળા દ્વારા આયોજીત શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.વિષ્ણુપ્રકાશ સ્વામી - સાળંગપુર,પૂ.સૂર્યપ્રકાશ સ્વામી, પૂ.શ્રીવલ્લભ સ્વામી **તા.૧/૩/૨૦૧૭**





**વિદ્યાનગર** મુકામે શ્રી કાંતિભાઈની નવી ફેક્ટરીના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, પ.મની સ્વામી. પ.શ્યામ સ્વામી. પ.આધાર સ્વામી. પ.પવિત્ર સ્વામી તા.૨૧/૨/૨૦૧૭





**બૈજાપુર** મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી ઘનશ્યામપ્રસાદદાસજી સ્વામી - સાળંગપુર દ્વારા આયોજીત પ્રથમ પાટોત્સવ પ્રસંગે કથામૃતનું રસપાન કરાવતાં પૂ.નૌતમ સ્વામી, પૂ.સુર્યપ્રકાશ સ્વામી, યજમાન પરિવાર તથા ભક્ત સમુદાય **તા.૨૨ થી ૨૪/૨/૨૦૧૭**




**સુરત -રામપુરા** મુકામે પ.પૂ.કો.શ્રી હરિજીવનદાસજી સ્વામી દ્વારા આયોજીત ત્રિદિનાત્મક મહારૂદ્રયાગ પ્રસંગે ઉપસ્થિત ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, પૂ.વિષ્ણુપ્રકાશ સ્વામી - અથાણાવાળા, પૂ.નારાયણ સ્વામી - ઉધના, પૂ.કૃષ્ણવલ્લભ સ્વામી - સંધાણા પૂ.નારાયણસ્વરૂપ સ્વામી - સુરત વગેરે સંતો તથા ભક્તો તા.૨૨ થી ૨૪/૨/૨૦૧૭



**બામણગામ(તારાપુર)** મુકામે ૧૪માં પાટોત્સવ પ્રસંગે અભિષેક - અન્નકુટ-સત્સંગસભામાં ઉપસ્થિત પૂ.બાપુ સ્વામી - ધંધુકા, પૂ.નારાયણચરણ સ્વામી - બુધેજ તથા ભક્તજનો **તા.૧૯/૨/૨૦૧૭**





**સુરત ઉધના** મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી નારાયણચરણદાસજી સ્વામી દ્વારા આયોજીત ૨૧ મા પાટોત્સવ પ્રસંગે પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ચેરમેનશ્રી પૂ.દેવસ્વામી, વક્તાશ્રી પૂ.સત્યપ્રકાશ સ્વામી, પૂ.હરિજીવન સ્વામી - સુરત પૂ.રઘુનંદન સ્વામી - કતારગામ તથા ભક્ત સમુદાય **તા.૨૬/૨ થી ૨/૩/૨૦૧૭**




**પીજ** મુકામે પ.પૂ.શા.શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામી દ્વારા આયોજીત વાર્ષિક પાટોત્સવ પ્રસંગે કથામૃતનું રસપાન કરાવતા પૂ.હરિપ્રકાશ સ્વામી- અથાણાવાળા, પૂ.પ્રિયદર્શન સ્વામી તથા ઉપસ્થિત આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.શ્યામ સ્વામી, પૂ.શ્રીરંગસ્વામી - હરિનગર વડોદરા, **તા.૨૬/૨ થી ૨/૩/૨૦૧૭**



**ભરૂચ હિરાબાનગર** મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી કૃષ્ણપ્રિયદાસજી સ્વામી (નિલમ સ્વામી) દ્વારા આયોજીત પૂનઃપ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ચેરમેનશ્રી પૂ.દેવપ્રકાશ સ્વામી, વક્તાશ્રી પૂ.સરજુદાસ સ્વામી, પૂ.બાલકૃષ્ણ સ્વામી - મેતપુર, પૂ.ઘનશ્યામ સ્વામી - સાળંગપુરવાળા, પૂ.શ્રીવલ્લભ સ્વામી **તા.૨૭/૨ થી ૧/૩/૨૦૧૭**



**ઈટાળવા (નવસારી)** મુકામે વડતાલ બોર્ડ દ્વારા શ્રી ઘનશ્યામ સ્વામીની કોઠારીપદે નવનિયુક્ત થતા સત્સંગસભામાં ઉપસ્થિત વડતાલ મંદિના મુખ્યકોઠારીશ્રી પ.પૂ.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી, ચેરમેનશ્રી પૂ.દેવપ્રકાશસ્વામી, પૂ.નૌતમ સ્વામી તથા સંત-ભક્તો **તા.૨૮/૨/૨૦૧૭**



**ખંભાત** મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી ન્યાલકરણદાસજી સ્વામી દ્વારા આયોજીત ૧૮૯ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.આ.કો.શ્રી સંત સ્વામી,પૂ.સત્સંગભૂષણ સ્વામી,પૂ.ધર્મજીવન સ્વામી - વડતાલ તથા ભક્તજનો **તા.૨૮/૨/૨૦૧૭**



**અમરેલી** પાણી દરવાજા મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી ભક્તિસંભવદાસજી સ્વામીની પ્રેરણાથી આયોજીત ૫૧ કુંડી શ્રીગણેશયાગ-ત્રિદિનાત્મક કથા પ્રસંગે વક્તાશ્રી પૂ.હરિસ્વરૂપ સ્વામી, પૂ.ધર્મવલ્લભ સ્વામી - કરંજ, પૂ.દિવ્ય સ્વામી- આટકોટ, યજમાન પરિવાર તથા ભક્ત સમુદાય **તા.૨૮/૨/૨૦૧૭**





**તારાપુર** મુકામે શ્રી ગોવિંદભાઈ ઠક્કર દ્વારા આયોજીત ૧૧ મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પૂ.ન્યાલકરણ સ્વામી-ખંભાત, પૂ.સત્સંગભૂષણ સ્વામી-કણભા, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.શુકદેવસ્વામી - નાર, પૂ.શ્યામ સ્વામી, પૂ.હરિકેશવ સ્વામી - ધોલેરા, પૂ.નારાયણચરણ સ્વામી - બુધેજ **તા.૧ થી ૩/૩/૨૦૧૭**





**મોગરી(આણંદ)** મુકામે પ.પૂ.દેવસ્વરૂપદાસજી સ્વામી દ્વારા આયોજીત પૂનઃપ્રતિષ્ઠા-યજ્ઞ-અન્નકૂટ-શાકોત્સવ પ્રસંગે ઉપસ્થિત આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.કે.કે.શાસ્ત્રી સ્વામી - વાસદ, પૂ.શ્યામ સ્વામી, પૂ.સત્નારાયણ સ્વામી - વડતાલ **તા.૨/૩/૨૦૧૭**





**ગોરાડ (તારાપુર)** મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી બાપુ સ્વામી દ્વારા આયોજીત ચોથા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.ઘનશ્યામ સ્વામી - ધંધુકા, યજમાન પરિવાર તથા ભક્ત સમુદાય **તા.૩/૩/૨૦૧૭**

## ॥ નિર્ણય ॥




**શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ સંસ્થાન દ્વારા સંવત-૨૦૭૩-૭૪ના નવા નિર્ણય પ્રકાશિત થઈ ગયા છે. માટે તમામ હરિભક્તોએ વડતાલ મંદિર ધાર્મિક સ્ટોરમાં સંપર્ક કરવો.**

## શ્રી હરિકૃષ્ણ ફુલસ્કેપ ચોપડા તથા નોટબુક




**શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ સંસ્થાન દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે રાહતદરે ફુલસ્કેપ ચોપડા તથા નોટબુક પ્રકાશિત થઈ રહ્યા છે. માટે જે મંદિરો, શાળાઓ કે ગ્રુપમાં મંગાવવા ઈચ્છતા હોય તેમણે વડતાલ મંદિરની ઓફિસમાં સંપર્ક કરવો.**

**સંપર્ક :- ૦૨૬૮-૨૫૮૯૭૨૮/૭૭૬, મો. ૯૯૨૫૨૦૫૬૧૧ (પૂ.શ્યામવલ્લભ સ્વામી)**

**વડતાલ મંદિરની અપડેટ થયેલ વેબસાઈટની અવશ્ય મુલાકાત લો www.vadtalmandir.org**

**સાવરકુંડલા** મુકામે પ.પૂ.કો.શ્રી બાલસ્વરૂપદાસજી સ્વામી દ્વારા આયોજીત પ.પૂ.શા.શ્રી નિર્લેપસ્વરૂપદાસજીના વક્તાપદે શ્રી સ્વામિનારાયણ મહોત્સવમાં ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પ.પૂ.શ્રી મોરારીબાપુ, પ.પૂ.લાલજી મહારાજશ્રી,પ.પૂ.સ.ગુ.શ્રી લક્ષ્મીનારાયણદાસજી સ્વામી - ભાવનગર તથા સંતો-ભક્તો **૩ થી ૯/૨/૨૦૧૭**














**વડતાલધામ** મુકામે જૈન સમાજ દ્વારા આયોજીત જૈન મુનિશ્રી અભયદેવ સુરીશ્વરજી મહારાજ દ્વારા સુવર્ણ અક્ષરે લખી વડતાલ પિઠાધીપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજને સુવર્ણ શિક્ષાપત્રી અર્પણ સમારોહમાં ઉપસ્થિત સંપ્રદાયના મૂર્ધન્ય સંતો, પ.પૂ.શ્રી અવિચલદાસજી મહારાજ-સારસા,પ.પૂ.શ્રી શંભુદાસજી મહારાજ - ઝાંઝરકા,કેન્દ્રીય મંત્રીશ્રી પુરૂષોત્તમ રૂપાલા, લેખકશ્રી





કૃષ્ણાકાંતભાઈ ઉનડકટ (તંત્રીશ્રી દિવ્યભાસ્કર),શ્રી સુનિલભાઈ મહેતા(આર.એસ.એસ.), દેવુસિંહ ચૌહાણ સાંસદશ્રી - ખેડા, દિલીપભાઈ મણી સાંસદશ્રી - આણંદ,અભેસિંગભાઈ રાઠોડ - લોક સાહિત્યકાર, યજમાનશ્રી ઘનશ્યામભાઈ - ખાંધલી, જૈન સમાજના શ્રેષ્ઠીઓ, મુસ્લીમ બિરાદરો,ખ્રિસ્તી સમાજના પ્રતિનિધિ પાદરીશ્રી, તા.૨૦/૨/૨૦૧૭







**સલવાવ વાપી** મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી કેશવચરણદાસજી સ્વામી તથા પ.પૂ.કપિલજીવનદાસજી સ્વામી દ્વારા આયોજીત વસંતપંચમી મહામહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, વક્તાશ્રી સંજીવકૃષ્ણ ઠાકોરજી (વૃંદાવન), કેન્દ્રીય મંત્રીશ્રી પુરૂષોત્તમ રૂપાલા, પૂ. સંતો તથા ભક્તો એવં મહોત્સવ અંર્તગત સમાજ સેવાના વિવિધ આયોજનો **તા.૧૩ થી ૧૯/૨/૨૦૧૭**




**વડોદરા હરિનગર** મુકામે પ.પૂ.કો.શ્રી શ્રીરંગદાસજી સ્વામી દ્વારા આયોજીત સત્સંગ ઉત્કર્ષ મહોત્સવ - ૬ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પ.પૂ.લાલજી મહારાજશ્રી,વક્તાશ્રી પ.પૂ.શા.શ્રી વિશ્વવલ્લભ સ્વામી - રૂસ્તમબાગ, ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.શ્યામ સ્વામી, પૂ.ઘનશ્યામ સ્વામી - ધંધુકા, તથા વિશાળ ભક્ત સમુદાય **તા.૧૬ થી ૨૦/૨/૨૦૧૭**



## અક્ષરવાસ

## પ.પૂ. શ્રી હરિનંદનદાસજી સ્વામી - રૂસ્તમબાગ, સુરત



પ.પૂ.સદ્. શ્રી વિશ્વવલ્લભ દાસજી સ્વામી વગેરે સંતો સાથે શ્રી સ્વામિનારાયણ મંદિર રૂસ્તમબાગ - સુરત માં રહી શ્રીહરિભજન કરતા કરતા પૂ શ્રી હરિનંદનદાસજી સ્વામી તા. ૨૩-૦૧-૨૦૧૭ ને પોષ વદ એકાદશીના પવિત્ર દિવસે અક્ષરવાસી થયા હતા. પૂ. સ્વામીના અક્ષરવાસથી સુરત સત્સંગ સમાજ એવં પ.પૂ.શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામીના મંડળમાં પુરી ન શકાય એવી ખોટ પડી છે. પૂ. સ્વામીશ્રી એ વીશ વર્ષની વયે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી સત્સંગની સેવામાં જોડાયા હતા. ૪૬ વર્ષની ઉંમરે પૂ. સ્વામીશ્રીના અક્ષરવાસ થી સમગ્ર સત્સંગ સમાજમા ઘેરા શોકની લાગણી પ્રસરી હતી. પૂ. સ્વામીએ અસ્વસ્થ અવસ્થામાં પણ ઘણા યુવાનો - બાળકોને સત્સંગમાં જોડ્યા હતા. પ.પૂ.શ્રી વિશ્વવલ્ભદાસજી સ્વામીની કથાઓનું આલેખન કરવાની સેવાથી લઈ નાના મોટા ઉત્સવોની પત્રીકાની ડીઝાઈન કરવાની સેવાઓ કરતા. પૂ. સ્વામી તબલા વાદનમાં પારંગત હતા. પૂ. સ્વામીના જીવનમાં શ્રી હરિ પ્રસન્ન થાય એવા સાધુતાના ઉમદા ગુણો ઘણા હતા. પૂ.સ્વામીશ્રીની અંતિમ વિધિમાં સંપ્રદાયના વરિષ્ઠ સંતો જોડાયા હતા. સહસ્રાવધિ ભક્તોએ પૂ.સ્વામીશ્રીને અંતિમ વિધિમાં જોડાઈને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. ભગવાન શ્રીહરિ પૂ. સ્વામીશ્રીને નિજમૂર્તિનું સુખ અર્પે તેમજ મંડળના સંતો-ભક્તોને ધીરજ તથા સત્સંગનું બળ આપે એજ અભ્યર્થના.

## અક્ષરવાસ

## પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી હરિદાસજી સ્વામી (મેમનગર ગુરૂકુલ)




શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટના સ્થાપક પ.પૂ. સદ્. અ.નિ. શાસ્ત્રીજી મહારાજશ્રી ધર્મજીવનદાસજી સ્વામીના કૃપાપાત્ર શિષ્યસંત પ.પૂ.સદ્. પુરાણી શ્રીહરિદાસજી સ્વામી તા. ૦૧-૦૨-૨૦૧૭ને બુધવારના શ્રીહરિ સ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. અ.નિ. પ.પૂ. શ્રીહરિદાસજી સ્વામીએ જીવનને સત્સંગ એવં સમાજ સેવામાં ચંદનની જેમ ઘસી નાંખ્યુ હતું. પૂજ્ય પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી તથા પૂજ્ય જોગી સ્વામી જેવા સંતોનો ખૂબ રાજીપો મેળવ્યો અને એમની આજ્ઞાથી અનેક ગામડાઓમાં મંદિરોના નિર્માણ કરાવ્યા. પૂ.સ્વામીશ્રીએ ત્યાગ-વૈરાગ્ય યુક્ત જીવન દ્વારા કેટલાયને પ્રેરણાબળ આપ્યું હતું. "कर्तव्यः सच्छास्त्राभ्यास आदरात् ॥" એ ન્યાયે કેટલાય પ્રાકૃત ગ્રંથોના અભ્યાસ દ્વારા નાના મોટા ગ્રંથોનું લેખન-સંપાદન કરી સત્સંગની સેવા કરી હતી. ગુરુકુલમાં અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું સિંચન થાય એવા હેતુથી ધાર્મિક વિભાગ શરૂ કરી બાળકોના જીવનમાં શ્રદ્ધા અને ભક્તિનું વાવેતર કર્યું.

શહેરથી માંડી નાના નાના ગામડાઓમાં ફરી સ્વામીએ વ્યસનમુક્તિ અને જીવન સુધારણાના કાર્યો કર્યા. આ ધૂપસળી જેવા જીવન ધરાવતા પૂજ્ય શ્રીહરિ સ્વામીનો અંત સમય પણ ખૂબ દિવ્યતા ભર્યો હતો. ૩૧ જાન્યુઆરીના રોજ સંધ્યા સમયે એક હાથમાં માળા અને બીજા હાથમાં જે સંતની કૃપા મેળવી હતી તે સંત દ્વારા લખાયેલ સત્સંગની શુભવાર્તા ગ્રંથ. આમ ભજન અને વાંચન કરતા સ્વામી બેઠા બેઠા જ પંચભૌતિક શરીર છોડી ભગવાન શ્રી સ્વામિનારાયણના સાનિધ્યમાં પધારી ચૂક્યા. વસંત પંચમીના પાવન દિવસે અમદાવાદ ગુરુકુલના પ્રાંગણમાં સ્વામીના શરીરને વૈદિક વિધિ અનુસાર વિવિધ જળ તથા ઔષધિઓના જળ દ્વારા અભિષેક કરાવી પાલખીમાં પધરાવ્યા. પાલખીયાત્રા છારોડી ગુરુકુલ આવી. અહીં પૂજ્ય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા ઉપસ્થિત મોટી સંખ્યામાં સંતો-ભક્તોએ સ્વામીને શ્રદ્ધાંજલી અર્પણ કરી. ત્યારબાદ ઉપસ્થિતિ સંતો તથા ભક્તોએ સ્વામીની છેલ્લી આરતી ઉતારી હતી. ગુરુકુલની પાછળ જ તૈયાર કરવામાં આવેલ અગ્નિસંસ્કારના સ્થળે સ્વામીના પંચભૂતના દેહને લઈ આવવામાં આવ્યો. અહીં સદ્‌ગુરુ સંતોના હસ્તે જ પૂજ્ય શ્રી હરિ સ્વામીનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો.

## અક્ષરવાસ

## પ.પૂ.સદ્ ભંડારી શ્રી નરનારાયણદાસજી સ્વામી,

### ગુરૂ શા.ભગવતસ્વરૂપદાસજી સ્વામી - જુનાગઢ



જુનાગઢ પ્રદેશના સેવામૂર્તિ સંતવર્ય પ.પૂ.સદ્ ભંડારી શ્રી નરનારાયણ દાસજી સ્વામી, ગુરૂ શા.ભગવતસ્વરૂપ દાસજી સ્વામી તા.૧૨/૨/૨૦૧૭ને રવિવારના પ્રાતઃકાળના શ્રીહરિ સ્મરણ સાથે અક્ષરવાસી થયા છે.

પૂ.સ્વામીશ્રીએ ૧૫ વર્ષની અલ્પવયે પ.પૂ.આચાર્ય મહારાજશ્રી આનંદપ્રસાદજી મહારાજ થકી ભાગવતી દિક્ષા ગ્રહણ કરી હતી. પૂ.સ્વામીશ્રીએ પોતાનું જીવન ચંદનની જેમ ઘસી સત્સંગની સેવામાં સમર્પિત કર્યું હતું. પૂ.સ્વામીશ્રી રાજકોટ મંદિરમાં ૨૫ વર્ષ રહી લક્ષ્મીનારાયણ દેવ તેમજ ભંડારની સેવા કરીને ભગવાન શ્રીહરિ તેમજ સંતો-ભક્તોનો ખૂબ જ રાજીપો મેળવ્યો હતો. વર્ષો પહેલા રાજકોટ દર્દીઓના સારવાર માટેનું કેન્દ્ર ગણાતું. ત્યારે પૂ.સ્વામીશ્રીએ ખુબ જ ઉત્સાહથી ભક્તોની સેવા કરી હતી. હોસ્પિટલે ટીફીન પહોંચાડવું, બપોરે ત્રણ વાગ્યે પણ રસોઈ બનાવી ભક્તોને જમાડતા. પૂ.સ્વામીશ્રી ખુબજ માયાળુ સ્વાભાવના હતા. એના પરિણામે એમના મંડળના સંતો હેતથી જોડાયા હતા. પૂ.સ્વામીજી દ્વારકા મંદિરમાં ચાર વર્ષ રહી દેવ સેવા એવં ભંડારની સેવા કરી હતી. પૂ.સ્વામીશ્રી રાજકોટ, જુનાગઢ વગેરે મંદિરોના મહંત હોવા છતા એક મૂકસેવક બની સત્સંગની

નાનામાં નાની સેવા કરતા. છેલ્લા છ મહિનાથી શરીરે અસ્વસ્થ હતા. પૂ.સ્વામીશ્રી ૭૮ વર્ષની ઉંમરે અક્ષરવાસી થતા જુનાગઢ પ્રદેશમાં ન પુરી શકાય એવી ખોટ પડી છે. ભગવાન શ્રીહરિ સ્વામીના ગુરૂભાઈ પૂ.દેવનંદનસ્વામી તથા શિષ્યસંતો પૂ.પી.પી.સ્વામી, પૂ.શા.માધવસ્વરૂપ સ્વામી, પૂ.વિવેકસ્વરૂપ સ્વામી વગેરે સંતોને ધીરજ એવં સત્સંગનું વિશેષ બળ આપે એજ અભ્યર્થના.

**અક્ષરવાસ**

## પ.પૂ.પાર્ષદવર્ય શ્રી બળવંતભગત
### ગુરુ પ.પૂ.પાર્ષદશ્રી હિમ્મતભગત (વડતાલધામ)



પ.પૂ.પાર્ષદવર્ય શ્રી બળવંતભગત ગુરુ પ.પૂ.પાર્ષદશ્રી હિમ્મત ભગત (વડતાલધામ) તા.૧૫/૨/૨૦૧૭ને બુધવારના સવારે ૧૦ વાગ્યે શ્રીહરિમંડપ સમીપે અક્ષરવાસી થયા છે. અ.નિ. બળવંત ભગતજીનો જન્મ પાદરા તાલુકાના પીપરી ગામે તા.૩૧/૧૨/૧૯૩૯ના થયો હતો. બાળપણથી જ સત્સંગના સંસ્કાર માતા-પિતા થકી મળ્યા હતા. અ.નિ.શ્રી બળવંત ભગત ૧૪ વર્ષની અલ્પવયે વડતાલ મંદિરમાં આવ્યા હતા. ત્યારથી લઈ ૬૩ વર્ષ સુધી સત્સંગની ખૂબસેવા કરીને ભગવાન શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. વરતાલના બ્રહ્મનિષ્ઠ સંતવર્ય પ.પૂ.સદ્.કો.શ્રી નંદકિશોરદાસજી સ્વામી સાથે રહી મુંબઈ ભૂલેશ્વર મંદિરમાં શ્રી હનુમાનજી મહારાજની ત્રણ વર્ષ સુધી સેવા કરી હતી. ત્યાર બાદ ધોલેરા મંદિરમાં પાંચ વર્ષ સુધી હનુમાનજી મહારાજની સેવા કરી હતી. અ.નિ.ભગતજીએ ૧૦ વર્ષ વડતાલ મંદિરમાં યાત્રિક ભંડારની સેવા કરી સત્સંગિ ભક્તોને રાજી કર્યા હતા. અ.નિ.ભગતજી ખુબ જ મહિમાના અંગવાળા હતા. વર્ષોવર્ષ ધનુર્માસમાં બે વાગ્યે વહેલા ઉઠી સ્નાનપૂજા કરી ભગવાનને માટે ગરમાગરમ કેળના પાણીમાં વિવિધ થાળ બનાવી શ્રી લક્ષ્મીનારાયણ દેવ, શ્રીહરિકૃષ્ણ મહારાજ વગેરે દેવમૂર્તિઓને ભાવથી જમાડતા. અ.નિ.બળવંતભગતે વર્ષોસુધી પ્રાતઃ કાળમાં મંગળા આરતિના દર્શનનો નિયમ રાખી સહુકોઈને પ્રેરણાબળ આપ્યું હતું. નામી અનામી - પરિચિત - અપરિચિત હરકોઈ સત્સંગી ભક્તોને ભાવથી જમાડવાની સેવા કરતા.

## શ્રી હરિકૃષ્ણ મહારાજ આદિ દેવોને થાળ તથા સંતોને રસોઈની યાદી - ફેબ્રુઆરી ૨૦૧૭

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૧-૨-૨૦૧૭ | - | હરિભકત તરફથી | વેઢમી |
| ૨ | ૨-૨-૨૦૧૭ | - | હરિભક્ત તરફથી | કંસાર |
| ૩ | ૩-૨-૨૦૧૭ | વડતાલ | સા.યો.ભક્તિબા ગુરૂ સા.યો.દુધીબા | મોહનથાળ |
| ૪ | ૪-૨-૨૦૧૭ | મિત્રાલ સાંજે | ચંદુભાઈ હાથીભાઈ પટેલ, હ.સ્વા.હરિચરણદાસજી, પ્રે.શા.સ્વા.નૌતમપ્રકાશદાસજી | ગોળના ચુરમાલાડુ |
| ૫ | ૪-૨-૨૦૧૭ | ભાયંદર-મુંબઈ | અ.નિ.મયુરભાઈ અમૃતલાલ કાછીયા તથા અમૃતલાલ જેઠાલાલ સહપરિવાર<br>હ.મેહુલભાઈ તથા કિરણભાઈ તથા જયભાઈ, હ.નારાયણપ્રકાશદાસજી ગુ.કૃષ્ણજીવનદાસજી,<br>પ્રે.રામપ્રકાશ સ્વામી - બંગલાવાળા | મોતૈયાલાડુ |
| ૬ | ૫-૨-૨૦૧૭ | નાપાડ | સુશીલાબેન વિનુભાઈ સોમાભાઈ પટેલ | મોહનથાળ |
| ૭ | ૬-૨-૨૦૧૭ | નરસંડા | રીનાબેન નીમેષભાઈ પટેલ | ઘારી |
| ૮ | ૮-૨-૨૦૧૭ | વ્હેરા | અંબાલાલ ડાહ્યાભાઈ પટેલ | મોહનથાળ |
| ૯ | ૯-૨-૨૦૧૭ | વડતાલ | ચન્દ્રકાંતભાઈ રતિભાઈ પટેલ હ.પા.પરેશભગત ગુ.શા.સ્વા.નૌતમપ્રકાશદાસજી | વેઢમી |
| ૧૦ | ૯-૨-૨૦૧૭ | વડદલા સાંજે | પ્રવિણભાઈ વાઘજીભાઈ પટેલ | જલેબી |
| ૧૧ | ૧૦-૨-૨૦૧૭ | વાસણા | વિનુભાઈ ભાઈલાલભાઈ પટેલ તથા અમૃતભાઈ ભાઈલાલભાઈ પટેલ<br>હ.ગોવિંદ સ્વામી - મેતપુરવાળા | સાટા/અડદિયા |
| ૧૨ | ૧૧-૨-૨૦૧૭ | અમદાવાદ | અ.નિ.કાંતિલાલ પોપટલાલ જીઝુંવાડીયા હ.રંજનબેન, હ.આધારસ્વામી | અડદિયાપાક/મોહનથાળ |
| ૧૩ | ૧૨-૨-૨૦૧૭ | મહારાષ્ટ્ર | ભુપેન્દ્રભાઈ ત્રંબકભાઈ શેઠ - વકીલ, હ.આશીષભાઈ, પ્રે.સ.ગુ.શા.ભક્તિપ્રકાશદાસજી-સાવદા ગુરૂકુલ | અડદિયાપાક/જલેબી |
| ૧૪ | ૧૩-૨-૨૦૧૭ | અમદાવાદ | પ્રદિપાબેન નારણભાઈ પટેલ | સાટા |
| ૧૫ | ૧૪-૨-૨૦૧૭ | વડતાલ | ચિ.રાહુલ ફુલાભાઈ વઘાસીયા,<br>હ.પા.પરેશભગત ગુ.શા.સ્વા.નૌતમપ્રકાશદાસજી | અડદિયાપાક |
| ૧૬ | ૧૫-૨-૨૦૧૭ | વિદ્યાનગર | જાદવજીભાઈ | અમરતપાક |
| ૧૭ | ૧૬-૨-૨૦૧૭ | નરસંડા(યુ.એસ.એ.) | વિઠ્ઠલભાઈ એમ.પટેલ, હ.પા.પરેશભગત ગુ.શા.સ્વા.નૌતમપ્રકાશદાસજી | ડ્રાઈફૂટ શિખંડ |
| ૧૮ | ૧૯-૨-૨૦૧૭ | પીજ | વિશ્વવલ્લભ સ્વામી | મોહનથાળ |
| ૧૯ | ૨૦-૨-૨૦૧૭ | મહેસાણા<br>ખાંધલી | ઘનશ્યામભાઈ - મહેસાણાવાળા<br>ઘનશ્યામભાઈ શીવાભાઈ પટેલ હ.મુખ્યકોઠારીશ્રી | બાંસુદી પુરી |
| ૨૦ | ૨૧-૨-૨૦૧૭ | પીપળાવ | જગદિશભાઈ ગોરધનભાઈ પટેલ હ.પિનાકીનભાઈ ડી.પટેલ - મહેતાજી | મોહનથાળ |
| ૨૧ | ૨૨-૨-૨૦૧૭ | આણંદ (ન્યુયોર્ક) | વૈશાલીબેન ધર્મેશભાઈ પટેલ | ચુરમાલાડુ |
| ૨૨ | ૨૨-૨-૨૦૧૭ | પીજ(યુ.એસ.એ.) | રજનીકાંતભાઈ અંબાલાલ પટેલ | ચુરમાલાડુ |
| ૨૩ | ૨૬-૨-૨૦૧૭ | ઉલ્લાસનગર | જર્નાધનભાઈ તુકારામભાઈ કોલ્હે | મગસચકતા |
| ૨૪ | ૨૭-૨-૨૦૧૭ | વડતાલ | અ.નિ.પા.બળવંતભગત, હ.નરેન્દ્રભગત | જલેબી/ગોળના ચુરમાલાડુ |
| ૨૫ | ૨૮-૨-૨૦૧૭ | અમદાવાદ | અ.નિ.મણીલાલ લક્ષ્મીદાસભાઈ - ભાલમ મંડળ, હ.પુનમભાઈ મગનભાઈ પટેલ,<br>હ.સુખદેવસ્વામી - નાર ગુરૂકુલ | ચુરમાલાડુ |

## વડતાલ પિઠાધીપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીનું

## સત્સંગ વિચરણ



| | |
|---|---|
| ૦૪/૦૨/૨૦૧૭ | કંજરી (હાલોલ) મુકામે પ.પૂ.કો.શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામી દ્વારા આયોજીત રજત સિંહાસન ઉદ્‌ઘાટન પ્રસંગે દર્શન આર્શીવચનનો લાભ આપ્યો તથા સેવાલીયા મુકામે સત્સંગ સમાજ દ્વારા આયોજીત ૯ મા પાટોત્સવ - કથાપારાયણમાં દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૦૫/૦૨/૨૦૧૭ | આણંદ મુકામે પ.પૂ.શા.શ્રી સત્સંગભૂષણદાસજી સ્વામી દ્વારા આયોજીત સ્વામિનારાયણ સહજાનંદસ્મૃતિ મંદિરના પાટોત્સવ પ્રસંગે અભિષેક - સભામાં દર્શન આર્શીવચનનો લાભ આપ્યો. |
| ૦૬/૦૨/૨૦૧૭ | પતરીયાપુરા(ખંભાત)મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી ગોવિંદપ્રસાદદાસજી સ્વામી દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે દર્શન આર્શીવચનનો લાભ આપ્યો. |
| ૦૭થી૦૯/૦૨/૧૭ | સાવરકુંડલા મુકામે પ.પૂ.કો.શ્રી બાલસ્વરૂપદાસજી સ્વામી દ્વારા આયોજીત શ્રી સ્વામિનારાયણ મહોત્સવ પ્રસંગે શોભાયાત્રા - અભિષેક-સભા વગેરેમાં ઉપસ્થિત રહી દર્શન આર્શીવચનનો લાભ આપ્યો. તથા હરિભક્તોને ઘરે પધરામણીનો લાભ આપ્યો. |
| ૦૯/૦૨/૨૦૧૭ | એકતાનગર નાપા તળપદ મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી વાસુદેવપ્રસાદદાસજી સ્વામી(નાહિયેર) દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૧૦/૦૨/૨૦૧૭ | સંધાણા (ખેડા) સ્વા.આશ્રમ મુકામે પ.પૂ.કો.શ્રી કૃષ્ણવલ્લભદાસજી સ્વામી દ્વારા આયોજીત ૧૫ મા વાર્ષિક પાટોત્સવ એવં મહાવિષ્ણુયાગ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચન તથા મંદિરમાં - હરિભક્તોને પધરામણીનો લાભ આપ્યો. |
| ૧૧/૦૨/૨૦૧૭ | મેતપુર મુકામે શ્રી શાંતિભાઈ પટેલ વગેરે હરિભક્તોને ઘરે પધરામણીનો લાભ આપ્યો. |
| ૧૨/૦૨/૨૦૧૭ | વડોદરા ગુરૂકુલ મુકામે પ.પૂ.સ.ગુ.શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી દ્વારા આયોજીત શિલાન્યાસ મહોત્સવ પ્રસંગે શોભાયાત્રા - સભામાં ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૧૫/૦૨/૨૦૧૭ | બામરોલી (વસો) પ.પૂ.શા.શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામી - પીજની પ્રેરણાથી આયોજીત રજતજયંતિ મહોત્સવ - કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૧૬/૦૨/૨૦૧૭ | કૌકા (ધોળકા) મુકામે પ.પૂ.પુરૂષોત્તમચરણદાસજી સ્વામી (વારણા) દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૧૮/૦૨/૨૦૧૭ | સલવાવ (વાપી) મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી કેશવચરણદાસજી સ્વામીની પ્રેરણાથી આયોજીત વસંતપંચમી મહામહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચન તથા હરિભક્તોને ઘરે પધરામણીનો લાભ આપ્યો. |
| ૧૯/૦૨/૨૦૧૭ | વડોદરા હરિનગર મુકામે પ.પૂ.સ.ગુ.કો.શ્રી શ્રીરંગદાસજી સ્વામી દ્વારા આયોજીત સત્સંગ ઉત્કર્ષ મહોત્સવ - ૬ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૨૦/૦૨/૨૦૧૭ | વડતાલધામ મુકામે જૈન સમાજ દ્વારા આયોજીત સુવર્ણ શિક્ષાપત્રી અર્પણ વિધિ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. તથા વિદ્યાનગર મુકામે શ્રી કાંતિભાઈની નવી ફેક્ટરીનાં ઉદ્‌ઘાટન પ્રસંગે મહાપુજામાં પધારી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૨૮/૦૨/૨૦૧૭ | ખંભાત મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી ન્યાલકરણદાસજી સ્વામી દ્વારા આયોજીત ૧૮૯ મા પાટોત્સવ પ્રસંગે અભિષેક-સભામાં દર્શન આશીર્વચનનો લાભ આપી, સાંજે સુરત રામપુરા મુકામે પ.પૂ.કો.શ્રી હરિજીવનદાસજી સ્વામી દ્વારા આયોજીત ભવ્ય શાકોત્સવ - પ.પૂ.શ્રી હરિકેશવદાસજી સ્વામીની ગુણાનુવાદ સભા - નૂતન મેડીકલ ઉદ્‌ઘાટન તથા શ્રીહરિકૃષ્ણ મહારાજનાં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. તથા રાત્રે સુરત ઉધના મુકામે પ.પૂ.કો.શ્રી નારાયણપ્રસાદદાસજી સ્વામી દ્વારા આયોજીત ૨૧ મા પાટોત્સવ પ્રસંગે સભામાં દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૦૧/૦૩/૨૦૧૭ | સુરત ઉધના મુકામે પ.પૂ.કો.શ્રી નારાયણપ્રસાદદાસજી સ્વામી દ્વારા આયોજીત ૨૧ મા પાટોત્સવ પ્રસંગે અભિષેકમાં ઉપસ્થિત રહ્યાં. તથા ભરૂચ હીરાબા નગર મુકામે પ.પૂ.કો.શ્રી કૃષ્ણપ્રિયદાસજી સ્વામી (નિલમ સ્વામી)ની પ્રેરણાથી પુનઃપ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૦૨/૦૩/૨૦૧૭ | શેઠવડાળા (જામજોધપુર) મુકામે પ.પૂ.શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી (કલાકુંજ)ની પ્રેરણાથી આયોજીત મૂર્તિપ્રતિષ્ઠ - કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૦૫/૦૩/૨૦૧૭ | વાશી મુંબઈ મુકામે પ.પૂ.સ.ગુ.શા.શ્રી ધર્મજીવનદાસજી સ્વામી દિક્ષાશતાબ્દી વર્ષ ઉપક્રમે આયોજીત ભાવાંજલી મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |
| ૦૭/૦૩/૨૦૧૭ | દ્વારકા મુકામે પ.પૂ.શ્રી ચંદ્રપ્રસાદદાસજી સ્વામી તથા સાંખ્ય યોગી બહેનો દ્વારા આયોજીત હનુમાન ચાલીસા કથા પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. |

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ દ્વારા આયોજીત**
**શ્રી સ્વામિનારાયણ ભગવાનના ૨૩૬ મા પ્રાગટ્ય પર્વ પ્રસંગે**



શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલધામ



પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી

# ચૈત્રી સમૈયો તથા ૨૩૬ મા શ્રીહરિ પ્રાગટ્યોત્સવ તથા શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ

**-: પ્રારંભ :-**
**તા.૦૫-૦૪-૨૦૧૭**
**ચૈત્ર સુદ નોમ ને બુધવાર**

**-: પૂર્ણાહુતિ :-**
**તા.૧૧-૦૪-૨૦૧૭**
**ચૈત્ર સુદ પૂનમ ને મંગળવાર**



વક્તાશ્રી : પ.પૂ.શા. શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા)

**-:: કથા સમય ::-**
**સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ સાંજે ૩:૩૦ થી ૬:૩૦**

**-:: સ્થળ ::-**
**શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલધામ**
**સભામંડપ**



## ૨૩૬ મા શ્રીહરિ પ્રાગટ્યોત્સવ પ્રસંગે
## શ્રીહરિ જયંતિ યજ્ઞ - મહાપૂજા - ઉદ્યાપન માટે વિશેષ નોંધ

**(૧) યજ્ઞ-મહાપૂજામાં બેસનારે રૂા.૭૦૧- ભરી વહેલામાં વહેલી તકે મંદિરની પાકી પહોંચ મેળવી લેવાની રહેશે. (૨) યજ્ઞ ચૈત્ર સુદ - ૯ ને બુધવાર તા.૫/૪/૨૦૧૭ના રોજ સવારે ૮-૦૦ કલાકે શરૂ થશે અને ચૈત્ર સુદ - ૧૦ ને ગુરૂવાર તા.૬/૪/૨૦૧૭ના રોજ બપોરે ૧૧-૩૦ કલાકે સમાપ્તિ થશે. (૩) યજ્ઞમાં બેસનારે ચૈત્ર સુદ - ૮ ને મંગળવાર તા.૪/૪/૨૦૧૭ના રોજ સાંજ સુધીમાં વડતાલ આવી જવું. (૪) યજ્ઞમાં બેસનારે બે થાળી-વાટકી, બે આચમની તથા બે આસનિયાં સાથે લેતા આવવું. (૫) ફરાળ તથા પૂજાપો વડતાલ મંદિર તરફથી આપવામાં આવશે. (૬) શ્રી હરિજયંતિ ઉદ્યાપન તા.૬/૪/૨૦૧૭ના રોજ બપોરે ૧-૦૦ કલાકે થશે. (૭) યજ્ઞ મહાપૂજા, ઉદ્યાપનમાં જેને બેસવું હોય તેમણે વડતાલ મંદિરના પ.પૂ.મુખ્યકોઠારીશ્રીની ઓફિસમાં સંપર્ક કરવો.**

ફોન : (૦૨૬૮)૨૫૮૯૭૨૮,૭૭૬

# કાર્યક્રમની રૂપરેખા

**જળયાત્રા**
તા.૪/૪/૨૦૧૭
ગોમતીજી થી મંદિર
સાંજે : ૫:૦૦ કલાકે

**દિવ્ય અભિષેક**
તા.૫/૪/૨૦૧૭
સવારે : ૬ થી ૮

**પોથીયાત્રા**
તા. ૫/૪/૨૦૧૭
શ્રી લ.ના.દેવના દ્વારેથી નીકળી મંદિરની પ્રદક્ષિણા કરી સભા મંડપ

**ભવ્ય અન્નકૂટ**
તા.૫/૪/૨૦૧૭
સવારે : ૧૧:૦૦ કલાકે

**શ્રીહરિ પ્રાગટ્યોત્સવ**
તા.૫/૪/૨૦૧૭
રાત્રે : ૧૦:૧૦ કલાકે

**દિવ્ય રાજોપચાર પૂજન**
તા.૬/૪/૨૦૧૭
સવારે: ૮:૩૦ થી ૧૦:૩૦

**પાંચસો પરમહંસ વંદના**
તા.૭/૪/૨૦૧૭
પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી ના વરદ હસ્તે પાંચસો સંત દિક્ષા અવસરના વધામણા

**નૂતન શ્રી મુક્તમુની સંત નિવાસ ઉદ્દ્ઘાટન**
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી એવં વડીલ સંતોના હસ્તે
સવારે: ૯:૦૦ કલાકે તા.૧૨/૪/૨૦૧૭

**લાઈવ પ્રસારણ** ॥સદ્વિદ્યા॥ TV www.vadtalmandir.org

## વિશેષ લાભ - ફ્રી આરોગ્ય કેમ્પ

**વેલકેર હોસ્પિટલ તથા શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ દ્વારા આયોજિત બી.એમ.ડી.કેમ્પ તથા ઓર્થોપેડિક કન્સલટેશન**

વડોદરાના અત્યાધુનિક ટેકનોલોજી ધરાવતા વેલકેર હોસ્પિટલ દ્વારા ઘૂંટણ, થાપા, સ્પાઈન તેમજ હાડકાના દુઃખાવા વિષે શિબિરનું આયોજન કરવામાં આવેલ છે

**૩૫ વર્ષથી મોટી ઉંમરના સત્સંગીઓ માટે બી.એમ.ડી. (B.M.D.) કેમ્પ**

Welcare Hospital
we care

તારીખ : ૦૯-૦૪-૨૦૧૭, રવિવાર
સમય : સવારે ૧૧:૩૦ થી ૩:૩૦
સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર વડતામધામ, વડતાલ
નોંધ : જરૂરિયાતમંદ વ્યક્તિઓએ નીચેના નંબર સંપર્ક કરી નામ નોંધાવવા
Phone : (0268) 2589728, 776



## વિશેષ જાહેરાત

શ્રીહરિએ સ્વહસ્તે પ્રતિષ્ઠા કરીને ધ્યાન ઉપાસના કરવા આપેલ **"શ્રીહરિકૃષ્ણ મહારાજ"**ના મૂળ માપ ૩૮ ઈંચ પ્રમાણેની દિવ્ય મૂર્તિ કેલેન્ડર સાથે પ્રકાશીત કરવામાં આવેલ છે.

**કેલેન્ડર - ૨૦૦ ● પોસ્ટર - ૧૭૫**

## વડતાલ પિઠાધીપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ ઉજવાતા

# સંપ્રદાયના આગામી કાર્યક્રમો

| ક્રમ | તારીખ | સ્થળ | આયોજક - પ્રેરક - વક્તાશ્રી | ઉત્સવ વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨૯ માર્ચ થી ૪ એપ્રિલ ૨૦૧૭ | મુંજપર (મુળી) | પરમાર પરિવાર દ્વારા આયોજીત<br>પ.પૂ.શા.શ્રી કૃષ્ણપ્રકાશદાસજી સ્વામી - જામનગરના વક્તાપદે | કથાપારાયણ |
| ૨ | ૩૧ માર્ચ થી ૪ એપ્રિલ ૨૦૧૭ | સાળંગપુર | પ.પૂ.સ.ગુ.શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી (સુરત ગુરૂકુલ) ની પ્રેરણાથી | ભાવાંજલિ મહોત્સવ |
| ૩ | ૩૧ થી ૬ એપ્રિલ.૨૦૧૭ | મોટી કુંકાવાવ | પ.પૂ.સ.ગુ.શા.શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામી (રૂસ્તમબાગ)ના વક્તાપદે | કથાપારાયણ |
| ૪ | ૩ થી ૧૧ એપ્રિલ ૨૦૧૭ | ગોત્રી વડોદરા<br>(હનુમાનજી મંદિર) | પ.પૂ.કો.શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી<br>પ.પૂ.શા.શ્રી શાંતિપ્રિયદાસજી સ્વામી (ડભાણ)ના વક્તાપદે | સદ્‌ગુરૂ વાત્સલ્ય મહોત્સવ<br>સુવર્ણ સિંહાસન મહોત્સવ |
| ૫ | ૫ થી ૧૧ એપ્રિલ ૨૦૧૭ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત<br>પ.પૂ.શા.શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી - અથાણાવાળાના વક્તાપદે | ચૈત્રી સમૈયો - કથા પારાયણ,અભિષેક, અન્નકૂટ, જન્મોત્સવ, યજ્ઞ |
| ૬ | ૮ થી ૧૦ એપ્રિલ ૨૦૧૭ | વાડી વડોદરા | પ.પૂ.કો.શ્રી જગતપાવનદાસજી સ્વામીના વક્તાપદે | ભક્તચિંતામણી કથા |
| ૭ | ૧૧ એપ્રિલ ૨૦૧૭ | આણંદ રોકડીયા હનુમાનજી | પ.પૂ.સ.ગુ.શા.શ્રી સત્સંગભૂષણદાસજી સ્વામીની પ્રેરણાથી | શ્રી હનુમાન જયંતિ ઉત્સવ |
| ૮ | ૧૧ એપ્રિલ ૨૦૧૭ | સાળંગપુર | પ.પૂ.સ.ગુ.શા.શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી | ભવ્ય હનુમાન જયંતિ મહોત્સવ |
| ૯ | ૧૧ એપ્રિલ ૨૦૧૭ | વારણા (વટામણ) | પ.પૂ.શ્રીજી સ્વામી દ્વારા આયોજીત<br>પ.પૂ.સ.ગુ.શ્રી નૌતમપ્રકાશદાસજી સ્વામી ના વક્તાપદે | પાટોત્સવ - કથા |
| ૧૦ | ૧૭ થી ૨૩ એપ્રિલ ૨૦૧૭ | સચીન (સુરત) | પ.પૂ.સ.ગુ.શા.શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામી (રૂસ્તમબાગ)ના વક્તાપદે | કથાપારાયણ |
| ૧૧ | ૧૭ થી ૧૯ એપ્રિલ ૨૦૧૭ | બુધેજ | પ.પૂ.શા.શ્રી નારાયણચરણદાસજી સ્વામીના વક્તાપદે | ૧૪ મો પાટોત્સવ - ત્રિદિનાત્મક કથા |
| ૧૨ | ૧૮ એપ્રિલ ૨૦૧૭ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | શ્રી રણછોડજીનો પાટોત્સવ |
| ૧૩ | ૨૬ થી ૩૦ એપ્રિલ ૨૦૧૭ | હરિનગર વડોદરા | પ.પૂ.કો.શ્રી શ્રીરંગદાસજી સ્વામી દ્વારા આયોજીત<br>પ.પૂ.શ્રી હરીપ્રકાશદાસજી સ્વામી - અથાણાવાળાના વક્તાપદે | ૪ પાટોત્સવ - કથાપારાયણ |
| ૧૪ | ૩૦ એપ્રિલ થી ૨ મે ૨૦૧૭ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત<br>પ.પૂ.સદ્.શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી (મેતપુર વાળાની પ્રેરણાથી | સહજાનંદી યુવા શિબિર-૩ |
| ૧૫ | ૧ થી ૭ મે ૨૦૧૭ | રાજકોટ | પ.પૂ.શા.શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામી (રૂસ્તમબાગ)ના વક્તાપદે | કથાપારાયણ |
| ૧૬ | ૪ થી ૬ મે ૨૦૧૭ | મુંબઈ (ભુલેશ્વર) | પ.પૂ.સ.ગુ.કો.શ્રી ઘનશ્યામપ્રસાદદાસજી સ્વામી દ્વારા આયોજીત<br>પ.પૂ.શા.શ્રી સત્યપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે | ૧૪૯ મો પાટોત્સવ / કથાપારાયણ |
| ૧૭ | ૫ મે ૨૦૧૭ | ભરૂચ | પ.પૂ.સ.ગુ.કો.શ્રી કૃષ્ણપ્રિયદાસજી સ્વામી (નિલમ સ્વામી) દ્વારા આયોજીત | પાટોત્સવ - સભા |
| ૧૮ | ૫ મે ૨૦૧૭ | વિરસદ | પ.પૂ.કો.શ્રી કેશવચરણદાસજી સ્વામી દ્વારા આયોજીત | ૬૨ મો પાટોત્સવ |
| ૧૯ | ૭ મે ૨૦૧૭ | ડભાણ | પ.પૂ.કો.શ્રી બળદેવપ્રસાદદાસજી સ્વામી દ્વારા આયોજીત | પાટોત્સવ-સભા |
| ૨૦ | ૮ મે ૨૦૧૭ | ધોલેરાધામ | પ.પૂ.કો.શ્રી હરિચરણદાસજી સ્વામી દ્વારા આયોજીત | શ્રી અક્ષર ઓરડી (બેઠક) ઉદ્‌ઘાટન મહોત્સવ/૧૯૧ મો પાટોત્સવ |
| ૨૧ | ૮ મે ૨૦૧૭ | વાડી વડોદરા | પ.પૂ.કો.શ્રી જગતપાવનદાસજી સ્વામી દ્વારા આયોજીત | પાટોત્સવ |
| ૨૨ | ૩ થી ૧૦ મે ૨૦૧૭ | નાસીક (મહારાષ્ટ્ર) | પ.પૂ.સ.ગુ.શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામીની પ્રેરણાથી | સદ્‌ગુરૂ વંદના મહોત્સવ |
| ૨૩ | ૧૫ થી ૧૯ મે ૨૦૧૭ | માણાવદર | પ.પૂ.કો.શ્રી પ્રેમસ્વરૂપદાસજી સ્વામી દ્વારા આયોજીત | ૫૧ મો પાટોત્સવ - કથા પારાયણ |
| ૨૪ | ૧૬ મે ૨૦૧૭ | પંચાળા | પ.પૂ.કો.શ્રી યોગેશ્વરદાસજી સ્વામી દ્વારા આયોજીત | ૩૭ મો પાટોત્સવ |
| ૨૫ | ૧૮ મે ૨૦૧૭ | ચાણોદ | પ.પૂ.કો.શ્રી ઋષિકેશદાસજી સ્વામી દ્વારા આયોજીત | ૮૩ મો પાટોત્સવ |
| ૨૬ | ૧૮ થી ૨૧ મે ૨૦૧૭ | કુબેરનગર-સુરત | પ.પૂ.સ.ગુ.શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી - અથાણાવાળા દ્વારા આયોજીત<br>પ.પૂ.શા.શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી - અથાણાવાળાના વક્તાપદે | ૨૩ મો પાટોત્સવ-કથા પારાયણ |
| ૨૭ | ૧૯ થી ૨૩ મે ૨૦૧૭ | કતારગામ - સુરત | પ.પૂ.શા.શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામી (રૂસ્તમબાગ)ના વક્તાપદે | કથા પારાયણ |
| ૨૮ | ૨૩ મે ૨૦૧૭ | પીપલાણા | પ.પૂ.સ.ગુ.શ્રી મોહનપ્રસાદદાસજી સ્વામી દ્વારા આયોજીત | ૬૪ મો પાટોત્સવ |
| ૨૯ | ૨૫ થી ૨૮ મે ૨૦૧૭ | સુરત રામપુરા | પ.પૂ.સ.ગુ.શા.શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી - મેતપુરવાળાની પ્રેરણાથી | બાળધૂન મંડળ સુવર્ણજયંતિ મહોત્સવ |
| ૩૦ | ૨૭ મે ૨૦૧૭ | ઘનશ્યામનગર સુરત | પ.પૂ.કો.શ્રી મુક્તિજીવનદાસજી સ્વામી દ્વારા આયોજીત | ૩૮ મો પાટોત્સવ |
| ૩૧ | ૨૮ મે ૨૦૧૭ | નારગોલ | પ.પૂ.કો.શ્રી દિવ્યસ્વરૂપદાસજી સ્વામી દ્વારા આયોજીત | ૯૨ મો પાટોત્સવ |
| ૩૨ | ૩૦ મે થી ૫ જુન ૨૦૧૭ | રૂષિકેશ (ઉત્તરાખંડ) | પ.પૂ.સ.ગુ.શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી - અથાણાવાળા દ્વારા આયોજીત<br>પ.પૂ.શા.શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી - અથાણાવાળાના વક્તાપદે | કથા પારાયણ |
| ૩૩ | ૧૧ થી ૧૬ મે ૨૦૧૭ | ચેન્નાઈ (તમિલનાડુ) | પ.પૂ.શા.શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામી (રૂસ્તમબાગ)ના વક્તાપદે | કથા પારાયણ |








શેઠવાડાલા (જામજોધપુર) મુકામે મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પ.પૂ.સ.ગુ.શ્રી મોહનપ્રકાશદાસજી સ્વામી - ધોરાજી, પ.પૂ.સ.ગુ.શ્રી નિલકંઠચરણદાસજી સ્વામી, પ.પૂ.સ.ગુ.શા. ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી મુખ્ય કોઠારીશ્રી, પૂ.પ્રેમપ્રકાશ સ્વામી, ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, વક્તાશ્રી પૂ.વિવેકસાગર સ્વામી તથા પૂ.સંતો - ભક્તો તા.૨૭/૨ થી ૩/૩/૨૦૧૭





સુરત રામપુરા મુકામે પ.પૂ.કો.શ્રી હરિજીવનદાસજી સ્વામી દ્વારા આયોજીત શ્રીહરિકૃષ્ણ મહારાજ પાટોત્સવ પ્રસંગે ભવ્ય શાકોત્સવ, અ.નિ.સ.ગુ.કો.શ્રી હરિકેશવદાસજી સ્વામીની ગુણાનુવાદ સભા, શ્રી સ્વા.મેડીકલ સ્ટોરના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, મુખ્ય કોઠારીશ્રી વડતાલ, ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી તથા પૂ.સંતો - ભક્તો તા.૨૮/૨/૨૦૧૭





મુંબઈ વાસી મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી દ્વારા આયોજીત પ.પૂ.શા.શ્રી ધર્મજીવનદાસજી સ્વામી (રાજકોટ ગુરૂકુલ) દિક્ષા શતાબ્દી મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પ.પૂ.સ.ગુ.શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી તથા સમગ્ર સંતમંડળ એવં ભક્ત સમુદાય તા.૫/૩/૨૦૧૭



ત્રિપુરા રાજ્ય મુકામે પ.પૂ.શ્રી ધર્મપ્રકાશદાસજી સ્વામી ગુ.શા.શ્રી ધર્મપ્રસાદદાસજી સ્વામીને પૂર્વનિમાનશા શાસ્ત્રમાં સંપૂર્ણ ભારતમાં દ્વિતય સ્થાન (સિલ્વર મેડલ) પ્રાપ્ત કરી સંપ્રદાયનું ગૌરવ વધારેલ છે. તા.૩૧/૧/૨૦૧૭



સોમનાથ મુકામે પ.પૂ.શા.શ્રી મુક્તપ્રકાશદાસજી સ્વામી ગુ.શા.શ્રી ધર્મપ્રસાદદાસજી સ્વામીએ સંપૂર્ણ ગુજરાત રાજ્યમાં વેદાંત વિષયમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરી રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલી તથા શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્ર ચુડાસમાના હસ્તે સિલ્વર મેડલ પ્રાપ્ત કરી સંપ્રદાયનું ગૌરવ વધારેલ છે. તા.૨/૨/૨૦૧૭



મુંબઈ સાયન મુકામે પ.પૂ.સ.ગુ.ગવૈયાશ્રી ચૈતન્યસ્વરૂપદાસજી સ્વામી દ્વારા સંચાલીત શ્રી વલ્લભાઆશ્રમ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલને આદર્શ વિદ્યાલય પુરસ્કાર તા.૨૫/૨/૨૦૧૭

RNI No. GUJ/GUJ/2010/38053. The Postal Regn. No. "G-KHDA-86/2017-19" Valid up to 31.12.2019. Posted From Vadtal Post Office. On 20th Date of every Month



**સાવરકુંડલા** મુકામે પ.પૂ.કો.શ્રી બાલસ્વરૂપદાસજી સ્વામી દ્વારા આયોજીત પ.પૂ.શા.શ્રી નિર્લેપસ્વરૂપદાસજીના વક્તાપદે **શ્રી સ્વામિનારાયણ મહોત્સવમાં** ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પ.પૂ.શ્રી મોરારીબાપુ, પ.પૂ.સ.ગુ.શ્રી લક્ષ્મીનારાયણદાસજી સ્વામી - ભાવનગર તથા સંતો-ભક્તો **૩ થી ૯/૨/૨૦૧૭**



**સલવાવ વાપી** મુકામે પ.પૂ.સ.ગુ.શ્રી કેશવચરણદાસજી સ્વામીની પ્રેરણાથી તથા પ.પૂ.કપિલજીવનદાસજી સ્વામી, પ.પૂ.વિજ્ઞાનવલ્લભ સ્વામી દ્વારા આયોજીત **વસંતપંચમી મહામહોત્સવ** પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, વક્તાશ્રી સંજીવકૃષ્ણ ઠાકોરજી, (વૃંદાવન) સંતો તથા ભક્તો એવં મહોત્સવ અંતર્ગત સમાજ સેવાના વિવિધ આયોજનો **તા.૧૩ થી ૧૯/૨/૨૦૧૭**